|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || અંધકાર તો પ્રકાશના અભાવનું નામ માત્ર છે ||

એકવાર અંધકારે ભગવાનની પાસે જઈને પ્રાર્થના કરી કે તમારા સૂરજથી હું ઘણો હેરાન-પરેશાન થઈ ગયો છું. સવારથી પીછો કરે છે ને સાંજે મહામુસીબતે છોડે છે. આમ અનંતકાળથી ચાલી રહ્યું છે. હવે તો મારી ધીરજનો અંત આવ્યો છે. તો હવે તમે જ સૂરજને કંઈ સમજાવો. ભગવાને સૂરજને બોલાવી કહ્યું; અંધારું ! વિશ્વનું પરિભ્રમણ કરતાં વર્ષોનાં વર્ષો વીતી ગયાં. આજ સુધી અંધકાર સાથે મારી કદી મુલાકાત થઈ નથી. એને હું જાણતો સુદ્ધાં નથી. ક્યાં છે અંધકાર ? કેવું હોય અંધારું ? આપ એને મારી સામે બોલાવો. હું એની ક્ષમા માગી લઉં. હવે સૂરજની સામે અંધારાને બોલાવી કેવી રીતે શકાય ? અંધકારની કોઈ સત્તા જ નથી. એની કોઈ વિધાયક સ્થિતિ નથી. તે પ્રકાશની અનુપસ્થિતિ છે. અંધકાર તો માત્ર પ્રકાશના અભાવનું એક નામ છે. તેથી સૂરજની સામે જ સૂરજની અનુપસ્થિતિને કેવી રીતે બોલાવી શકાય ? એવી જ રીતે જ્યાં જીવન છે ત્યાં મૃત્યુ કેવી રીતે આવી શકે ? જીવનનું અ-જ્ઞાન એ જ મૃત્યુ છે. મનુષ્ય મૃત્યુ નથી, અમૃત છે; સમસ્ત જીવન અમૃત છે. પરંતુ આપણે એના તરફ આંખ પણ ઉઠાવતા નથી. અને તેથી જ જીવનથી 'અપરિચિત' અને મૃત્યુથી 'ભયભીત' થઈ જઈએ છીએ.

**—ઓશો**

**(સંકલન : કુંદનબેન જાની)**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# મે ૨૦૨૦

# (કોરોના ઉવાચ)

॥ મહામારીના સર્વનાશમાંથી પ્રગટે છે સર્વેશ્વરનું સત્ય ॥

Your idol is shattered in the dust
To prove that
God's dust is greater than your idol.

'તારી પ્રતિમા જીર્ણશીર્ણ થઈને ધૂળમાં ભળી જાય છે, એ સિદ્ધ કરવા કે ભગવાનની ધૂલિ તારી પ્રતિમા કરતાં વધુ મહિમાવંત છે.'

**—રવીન્દ્રનાથ ટાગોર**



# અનુક્રમ


નિવેદન ૫
૧. કોરોના સામે કરુણામયી 'મા'ની પ્રાર્થના ૭
૨. શ્રીયોગેશ્વરકથામૃત — 'મા' સર્વેશ્વરી ૮
૩. અમંગલહારી...સર્વમંગલકારી — તંત્રીલેખ ૧૧
૪. શ્રી યોગેશ્વરજીનું મૃત્યુવિષયક ચિંતન — શ્રી યોગેશ્વરજી ૧૪
૫. મહામારીનો ડર — શ્રી રજનીશજી ૨૦
૬. અર્જુનની એકાગ્રતા — શ્રી યોગેશ્વરજી ૨૩
૭. કૃષ્ણ તથા કર્ણ — " ૨૭
૮. બાબા નીમકરોલી — " ૩૩
૯. મોક્ષમૂલં ગુરુકૃપા — ડૉ. કુમારપાળ દેસાઈ ૪૨
૧૦. બહુમુખી પ્રતિભા :
શ્રી નારાયણ જાની — શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી ૪૫
૧૧. The uniqueness of Maa's Teachings
ડૉ. અર્પિતા દેસાઈ ૫૩
૧૨. 'સ્વર્ગારોહણ'ની ફૂલવાડીનાં મઘમઘતાં ફૂલો — સંકલન ૬૦
૧૩. સૌનું મંગલ કરો મહારાજ — 'મા' સર્વેશ્વરી ૬૪

## નિવેદન : God's right hand is gentle But terrible is his left.

સર્વ સ્થળના, સર્વ કાળના, સર્વ પ્રકારના વાઈરસ સામે સર્ચલાઈટ ધરતા મહાત્મા શ્રી યોગેશ્વરજીના આ શાશ્વત શબ્દો 'આ દિવસો પણ ચાલ્યા જશે.'

'આ દિવસો પણ ચાલ્યા જશે' મહાત્મા યોગેશ્વરજીના શાશ્વત શબ્દો સૂચવે છે તેમ જીવન ચક્રીય છે. આ કોરોના વાઈરસ પણ એક મહાન ચક્રનો તબક્કો માત્ર છે.

નિઃશંક સમગ્ર વિશ્વ માટે આ ખતરનાક આપત્તિ છે. પણ બીજા વિશ્વયુદ્ધ વખતના ચર્ચિલના શબ્દો યાદ કરીએ : 'Never let crisis go waste.' આમાંથી પદાર્થપાઠ શીખીએ.

દરેક બનતી ઘટના પાછળનો હેતુ આધ્યાત્મિક હોય છે ભલે તે આપણને સારા-ખરાબ અનુભવ કરાવતી હોય. આ વાઈરસ યાદ અપાવે છે કે, આપણા દેશ, સંસ્કૃતિ, ધર્મ, વ્યવસાય, નાણાકીય સ્તર કશાનું કોઈ મહત્ત્વ નથી. આપણે બધા સમાન છીએ. આપણે બધા જોડાયેલા છીએ. જે અસર એક દેશને થાય છે તેની અસર બીજા પર પડે છે. તેથી ઊભી કરેલી ખોટી સરહદોનું કોઈ મૂલ્ય નથી.

આપણું સ્વાસ્થ્ય કેટલું મૂલ્યવાન છે, રાસાયણિક દવાઓ, બધા ફુડ ન્યૂટ્રીઅન્ટ કેવા નકામા બની રહે છે. સમાજ ગમે તેટલો ભૌતિકવાદી બને છતાં ખોરાક, પાણી, દવા, તબીબી સુવિધા-સગવડોની બાબતમાં તે કેટલો ઊણો ઊતરે છે ? આપણે કુટુંબ અવગણ્યું છે તો મકાનને ફરી 'ઘર' બનાવવા આવી પરિસ્થિતિ આપણને પ્રેરી રહી છે. આપણે આપણી જાતને ગમે તેટલી મહાન ગણીએ પણ આ વાઈરસ ક્ષણના સોમા ભાગમાં આપણે હતા-નહતા કરી નાંખવા સક્ષમ છે.

પૃથ્વીને આપણે બીમાર કરી મૂકી છે. આપણે પ્રકૃતિનું best creation હોવા છતાં worst પુરવાર થયા છીએ. જે ધરતીએ આપણને



અન્ન-રહેઠાણ પૂરાં પાડ્યાં છે એને જ આપણે કેવી રોળી નાખી છે ! પ્રકૃતિએ સુનામી, દુકાળ વાવાઝોડાં, પૂર જેવાં રુદ્ર રૂપોથી અનેકવાર ચેતવણી આપી છે. 'કુદરત કહેર ભી જરૂરી થા, હરકોઈ ખુદને ખુદા સમજી બેઠા છે.' આર્થિક પરિસ્થિતિ વિશ્વની કેટલી હદે કથળશે એ કહી શકાય એવું નથી, છતાં નવી તકોનાં દ્વાર આવી હોનારતો જ ખોલી દે છે.

ધીરજ ધરો. વાતાવરણ એની મેળે શાંત થશે. તમે માત્ર સ્વચ્છ, સરળ, સ્વસ્થ, પ્રેમ, સંવાદિતા સિદ્ધ કરો ને જો જો કુદરત બધી જ વસ્તુઓને એના સમુચિત ક્રમમાં ગોઠવી દેશે. શ્રદ્ધા રાખો. 'If invisible virus can scare you. The invisible God has the power to save you.'

સ્વીકારી લો કે, સત્યની ગતિ અ-નિવાર્ય છે. ગમે તે કરો પરંતુ ઈશ્વરેચ્છાનો અમલ થશે જ. તેને કોઈ અટકાવી નહિ શકે. સમજી લો કે, મનુષ્ય સ્વના સંદર્ભમાં વિચારે છે જ્યારે ઈશ્વર હંમેશાં તટસ્થ, નિષ્પક્ષભાવે વિચારે છે. તેથી ઈશ્વર તરફથી આવતા ઉપહાર-સુખદુઃખને જે મસ્તકે ધરી લે છે તેને માટે :

(૧) પદાર્થોના ભંગાર વચ્ચે જીવન પ્રત્યેની આસ્થાનો છોડ બચી જાય છે.

(૨) મૃત્યુના ઓછાયા નીચે પણ જીવનનું પરિશુદ્ધ સૌંદર્ય પ્રગટે છે.

(૩) કડકભૂસ થતી વ્યવસ્થા વચ્ચે સ્નેહની જ્યોત જલતી રહે છે.

તો આવો આપણે સર્વ વિશ્વેશ્વરને વિશ્વકલ્યાણ માટે પ્રાર્થીએ. કારણ કે 'પ્રાર્થનાનો રાજમાર્ગ' પૂજ્યશ્રી યોગેશ્વરજી તેમજ પૂજ્યશ્રી 'મા'એ અપનાવીને આપણને સ્વયં ચીંધ્યો છે. પરમ કલ્યાણકારી 'મા' નિશદિન વિશેષ પ્રાર્થના-પ્રણામ જપતપથી મૌન દ્વારા સતત પ્રભુનો રીઝવી રહ્યા છે, વૈશ્વિક કલ્યાણ માટે મથી રહ્યાં છે. તો તેઓશ્રીના એ અખંડ સાધનાયજ્ઞમાં આપણે પણ યતકિંચિત્ ધરી ધન્ય બનીએ.

# ॥ કોરોના સામે કરુણામયી 'મા'ની પ્રાર્થના ॥

આજકાલ કોરોના નામના મંત્રજપ સૌ પાસે પરમાત્મા જપાવી રહ્યા છે. તો હવે આજની પ્રાર્થનામાં સૌના રોગ હઠો એવી ભાવના હતી; તો પરમ સખા તેને પંક્તિમાં ગૂંથી રહ્યા છે. આ રહ્યા તે પ્રાસાદિક અંશ :

ૐ

**રોમરોમથી રોગ હઠાવો**
**હસતા સૌને જગાડજો**
**રક્ષાયેલા સૌને રાખો**
**આરોગ્યથી ઉભરાવો**
**'સમર્થ સ્વામી' અરજ સુણી લો**
**આયુષ્ય પૂર્ણ બનાવો.**

ૐ

જગત આખું આજકાલ કોરોના વાઈરસમાં વીંટળાઈ રહ્યું છે. હે પ્રભુ ! આ કુદરતી પ્રકોપને શાંત કરો. તેનું પૂર્ણવિરામ મુકાવો. વિશ્વને આરોગ્યથી ઉભરાતું કરી દો.

હે પરમસખા ! આપ તો સર્વસમર્થ છો. વિશ્વના પ્રત્યેક વ્યક્તિના અક્ષમ્ય અપરાધોની આટલી સજા પૂરતી છે. પ્રભુ હવે તો કૃપા કરો. સૌની રક્ષા કરો. સૌને સ્થિર કરો. જનજીવનને ફરી ધબકતું કરી દો.

સૌને સુખી કરો. સૌનું મંગલ કરો. સૌને શાંતિ ધરો સૌને પૂર્ણ સ્વસ્થતા ધરો.

હે પ્રભુ ! આપની સર્જન, વિસર્જન કે પ્રલયકાળની લીલાને શાંત કરો.

**'મા' સર્વેશ્વરી**

તા.૨૩/૩/૨૦૨૦, સૂર્યપુરી



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૭૫**
**તા. ૩૧-૧-૮૩, સોમવાર, મહા વદ ત્રીજ ૨૦૩૯**
**પોર્ટ ઈલીઝાબેથ – યુટનહેગ**

આ ઉતારો એકંદરે ઠીક હતો. પરંતુ સવારે મુખ્ય માણસનું વર્તન અયોગ્ય લાગવાથી ઉતારો બદલી નાખવાનો નિર્ણય કર્યો. જે ઘરમાં સંતો માટે આદરભાવ ના હોય ત્યાં રહીને શું કરવું ? પૂ.શ્રીના એ વિચાર સાથે મેં પણ સહમતિ બતાવી. પ્રભુની પરમકૃપા કેટલી કે આજે જ્યાં કાર્યક્રમ હતો ત્યાંના ઉત્સાહી ભાઈ અમને જાણ પણ કર્યા વિના તેમને ત્યાં યુટનહેગ લઈ જવા સવારે જ આવી ગયા !

અમે બપોરે સાડા બાર વાગ્યે ભોજન પણ લીધા વિના પોર્ટ ઈલીઝાબેથથી અર્ધો કલાકમાં જ યુટનહેગ આવી ગયાં.

યુટનહેગ નાનું શહેર છે. અહીં શ્રી જયચંદ્રભાઈને ત્યાં ઉતારો હતો. નીચે દુકાન ને ઉપર મોટું ઘર. શહેરમાં મુખ્ય માર્ગ ઉપર જ આ ઉતારો છે. નજીકમાં જ રેલ્વેસ્ટેશન હોય એવું લાગે છે. અહીં જોવા જેવું તો ખાસ કશું નથી.

અહીં ૧૯૩૨ થી હિન્દુ મંડળ હૉલ સ્થપાયો છે. ત્યાં સાંજે પ્રવચન થયું. પ્રવચન પહેલાં ફૂલોની કલગીથી સ્વાગત થયું. પ્રવચન બાદ પ્રશ્નોત્તરી થઈ. તેમાં પ્રશ્નો સારા પુછાયા :

**પ્રશ્નોઃ**

૦ ૐકારનો સાચો અર્થ સમજાવશો?

○ ગંગાજળ કેમ બગડતું નથી?

○ સ્વસ્તિકનો અર્થ શો છે?

○ જર્મન લોકો પણ સ્વસ્તિકનો ઉપયોગ કરે છે. તો શું તેમની સાથે આપણે કોઈ સંબંધ છે?

પૂ.શ્રીએ એ બધા જ પ્રશ્નોના ઉત્તરો સંતોષકારક રીતે આપ્યા, જેનો ટૂંકસાર આ રીતે હતોઃ

ૐકાર એ 'સોહમ્' નું ટૂંકું રૂપ છે. ૐનો અર્થ વિશાળ છે.

ગંગાજળમાં પહાડની જડીબુટ્ટીઓ ભળે છે. વળી, બરફમાંથી જ તે નદીનો પ્રાદુર્ભાવ થાય છે. તેથી એમાં જંતું પડતાં નથી, એમ રશિયન વૈજ્ઞાનિકોએ શોધ કરી છે.

સ્વસ્તિક ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર પુરુષાર્થ કરવાનું પ્રતીક છે.

પહેલાંના યુગમાં આપણા દેશના વિદ્વાનો વિદેશોમાં ધર્મપ્રચાર માટે જતા, તેથી આર્યસંસ્કૃતિનો પ્રસાર થતો. સંભવ છે કે જર્મનીમાં પણ એ રીતે જ આપણી સંસ્કૃતિ પહોંચી હોય.

પ્રશ્નોત્તરી બાદ આરતી થઈ. પછી જ સૌ છૂટાં પડ્યાં.

અમે ઉતારા ઉપર આવી ગયાં. ફળ-દૂધ લઈને આરામ કર્યો.

રાઘવ' ધૂન વગેરેનો કાર્યક્રમ અહીંના હોલમાં થયો.

પછી પૂ.શ્રીનું પ્રવચન થયું. જેમાં તેમણે ગાંધીજીના અને મહર્ષિ દયાનંદના જીવન-પ્રસંગો વણી લીધા.



પ્રવચનને અંતે આભારદર્શનમાં અહીંના કાર્યકર્તાએ કહ્યુંઃ આવા સંતમહાત્માઓને આ દેશમાં ઓછામાં ઓછા એક વરસ માટે રાખવા જોઈએ. એમ, અવારનવાર અહીં આવનારા આવા સંતો મારફત ધર્મનો દિવ્ય પ્રકાશ પથરાય તો હિન્દુ ધર્મની સર્વોત્તમ સેવા થઈ શકે. યોગેશ્વરજી ફરીથી પણ અહીં પધારે એવી વિનંતિ છે.

પ્રવચન બાદ જગદીશ નામના એક યુવાન વિદ્યાર્થીને પૂ.શ્રી હસ્તાક્ષર આપે છે, જેમાં તેના નામના જ અર્થવાળો સુંદર સંદેશો અંગ્રેજીમાં લખી આપે છે. એ પછી, અહીંના 'ઈવનિંગ પોસ્ટ' નામના દૈનિક પેપરમાં અંગ્રેજીમાં જે પરિચય-નોંધ આપવાની હતી. તે પૂ.શ્રીએ જગદીશ પાસે જ લખાવી. પૂ.શ્રી બોલતા ગયા ને જગદીશે લેખન કર્યું.

ત્યારબાદ અમે ઉતારા ઉપર આવ્યાં. ત્યારે કોઈ ભાઈએ કહ્યું કે, આજનું પ્રવચન કમાલ હતું.

ઉતારા ઉપર આરામ.

હરિઃ ૐ

**—'મા' સર્વેશ્વરી**

'તમે પોતાની વાસનાથી સંસાર નિર્મ્યો છે. એ વાસના હટાવશો તો પૂરો સંસાર તિરોહિત થઈ જશે. એક બીજો જ સંસાર ઉદય પામેલો જોશો ! ત્યારે તમે કંઈક બીજું જ જોઈ શકશો ને જે જોશો તે સત્ય હશે. જ્યારે ભીતર ચાહ નથી રહેતી તો જ પણ જોવાય છે તે 'દર્શન' છે, જે સંભળાય છે તે 'શ્રવણ' છે. જ્યારે તે શુદ્ધ છે, જેનું રૂપ 'સત્ય'નું છે.'

**—ઝેન સદ્‌ગુરુ**

# ॥ અમંગલહારી...સર્વમંગલકારી ॥

(આપણા ઉપર કોઈ સર્વશક્તિમાન તત્ત્વ છે)

વિશ્વભરમાં વ્યાપેલી કોરોના વાઈરસની મહામારીએ કેટલાંક ગંભીર તથ્યો સમગ્ર માનવજાત સમક્ષ ખુલ્લાં કરી આપ્યાં છે, સાથેસાથે એક સનાતન સત્ય સ્પષ્ટ કરી આપ્યું છે કે આ પૃથ્વી પર કોઈની અલગ હસ્તી(entity) નથી. મનુષ્યમાત્ર વૈશ્વિકતા સાથે જોડાયેલું એક પરિબળ માત્ર છે. સમગ્રતાનો કેવળ એક અંશ છે.

વિશ્વનો લાખો વર્ષોનો ઇતિહાસ દર્શાવે છે તેમ કુદરત સર્વંસર્વા છે. એ ભારે અખતરા કર્યા જ કરે છે. અસંખ્ય જાતિ-પ્રજાતિઓ નામશેષ થઈ ચૂકી છે, એમાંથી બહુ થોડી બચી છે. આપણે પણ ક્યાં સુધી બચી શકીશું ? જો આપણે સમગ્રતા માટે કલ્યાણકારક નહિ હોઈએ તો આપણું હોવું પણ અસંભવિત થઈ જશે.

આપણે પૃથ્વીના કેવા હાલહવાલ કર્યા છે ? ખતરનાક શીતળાના વાઈરસ કરતાં પણ વધારે જીવલેણ પ્રહારો માણસે પૃથ્વીના ગ્રહ પર કર્યા છે.

પ્રાણીઓ તો પોતાના ખોરાક માટે જ અન્ય પ્રાણીઓની હિંસા કરે છે. જ્યારે મનુષ્યે પોતાનું પ્રભુત્વ સિદ્ધ કરવા, પોતાનું ચડિયાતાપણું પુરવાર કરવા પૃથ્વીના સમગ્ર પર્યાવરણને રોળી નાખ્યું છે.

કુદરત પાસે પણ આપણી બર્બરતા, અસભ્યતા, અસંસ્કારિતા દૂર કરવાના પોતાના તરીકા છે.



'કોરોના વાઈરસ' ચીનનો કે ચીનની પ્રજાનો જ નહિ, આપણા સર્વની ચેતનાનો રોગ છે. મનુષ્યમાત્રની ઉદ્દંડ, સ્વાર્થી, સંકુચિત, નરી સ્વકેન્દ્રી વૃત્તિનો પડઘો છે.

આપણે આપણી જાતને વૈશ્વિકતાથી અલગ કરીને જીવીએ છીએ. આપણી વિશ્વ સાથે કોઈ નિસબત ન હોય એમ વર્તીએ છીએ. પર્યાવરણનો મનઘડંત ઉપભોગ-અપયોગ કરીએ છીએ. આપણા આવા જડ, સંવેદનહીન વ્યવહારમાં પરિવર્તનની તાતી જરૂર છે. સમગ્ર માટે જે કલ્યાણકારક હશે તે જ ટકશે. આપણી ક્રૂરતા કુદરત વધારે સાંખી નહિ લે. કોરોના વાઈરસ જેવી કુદરતી આફત આપણને ચેતવી રહી છે કે આપણે અહિંસક, શાંતિપૂર્ણ, પ્રસન્ન જીવનની દિશા નહિ પકડીએ તો આપણો વિનાશ નિશ્ચિત છે. આપણે આમેય ઘણા મોડા છીએ-સૃષ્ટિના સર્વમંગલકારી આયોજન માટે !

This corona viaras is nothing but Nature's way of eliminating human beings ! (આ કોરોના વાઈરસ મનુષ્યજાતિની બાદબાકી કરી દેવાના ઉપાય સિવાય બીજું કંઈ નથી.)

આપણે સ્વકેન્દ્રિત કૂંડાળામાંથી બહાર આવી સમસ્ત માનવજાત-સમષ્ટિ-સમગ્ર વિશ્વ માટે, બધા ગ્રહો માટે વિચારતા નહિ થઈએ. એમની સાથેના સંબંધ-અનુબંધ-અનુસંધાનમાં આપણને નહિ જોઈએ, ત્યાં સુધી આવા આઘાતો-અભિશાપો આવ્યા જ કરવાના. એક વાત તો નિશ્ચિત છે કે, 'If you do'nt respect nature, Nature will destroy you.'

કોરોના વાઈરસે માણસોના અભિમાની મસ્તકોને હેઠાં નમાવ્યાં છે, શાંતિથી વિચારતા કરી મૂક્યા છે. 'આપણે પૃથ્વીના સ્વામી-અધિપતિ નથી. કુદરતનું આધિપત્ય માનવજાતે સ્વીકારવું રહ્યું.'

મૃત્યુના ઓથાર સામે ઝૂઝી રહેલા મનુષ્યને સ્પષ્ટ અંદાઝ આવી રહ્યો છે કે, સૃષ્ટિની-પર્યાવરણની અવહેલના કેટલી નુકશાનકારક અને જોખમી થઈ શકે છે.

તાત્ત્વિક રીતે જોઈએ તો મનુષ્યનું લોભી હૃદય આ વાઈરસે શુદ્ધ કર્યું છે. રજસ્-તમસ્‌ના ઘેરા લાલપીળા પ્રદેશોમાં પોતાને રોકી રાખનાર આ વાઈરસથી ભડકીને પોતાને ઘર પાછા ફર્યા છે. શેરીઓમાં-ગલીઓમાં-બજારોમાં લોકો ઓછા ને ઓછા થતા જાય છે. રસ્તાઓ પર ગણ્યાંગાંઠ્યાં વાહન ફરે છે. હવા વધારે સ્વચ્છ-તાજી બની રહી છે. ધૂંધળાપણું જવા માંડ્યું છે. સૂર્ય વધારે પ્રકાશમાન થઈ રહ્યો છે. પરિવારો વધારે હૂંફભર્યા, સંવાદી, સૌમ્ય થઈ રહ્યાં છે. લોકોનાં હૃદય અજંપા-અશાંતિમાંથી બહાર આવી રહ્યાં છે. વર્ષોથી પુસ્તકોથી દૂર થતા જતા લોકો પુસ્તકો ઘરે જઈ રહ્યા છે. સૂના પડેલા સંગીતના સ્વરો ફરી સંભળાવા માંડ્યા છે.

સાચે જ આ વાઈરસે માનવજાત સામે, માનવતા સામે ઊભા થયેલા ખતરાને ખુલ્લો કરી આપી, પૃથ્વી માટેનાં પ્રેમ-કાળજી-દરકાર માટે સાવધ કરી દીધાં છે.

એક રીતે આપણે કોરોના વાઈરસ શત્રુના કૃતજ્ઞ છીએ, કેમકે આવા દુશ્મન જ જગાડી દે છે. સામર્થ્ય પૂરું પાડે છે, સમજવાનું



કે; સારી ટેવોને કેળવવાનો સમય પાકી ગયો છે. વિકૃતિઓને વિદાય આપી, સંસ્કાર-સભ્યતા સંસ્કૃતિને પોંખવાનો અવસર આવી ગયો છે.

કોરોના જેવા વાઈરસને દૂર રાખવા 'સમય' જે કહે છે તે સાંભળો-તે 'સત્ય' છે : 'આપણી ઉપર સર્વસમર્થ, સર્વશક્તિમાન ઉપરાંત સર્વમંગલકારી તત્ત્વ છે; જે શાશ્વત છે.' આપણે માનવીઓ, કેવળ માનવીઓ, ક્ષણભંગુર છીએ, નાશવંત છીએ. છતાં પરમાત્માએ આપણને 'અવિનાશી આત્મા'નું ગૌરવ બક્ષ્યું છે જે રક્ષવા, અમંગલકારી વાઈરસના વાવાઝોડા સામે સર્વમંગલકારી સંકલ્પનું વાયુમંડળ રચવા કવિવર ટાગોરની જેમ પ્રાર્થીએ :

'Let lightless, hopeless, merciless outer pain be healed by the 'limitless light' that shines within.'

(સમગ્ર સૃષ્ટિની પ્રકાશહીન આશાહીન કરુણાહીન બહિર્ગત વેદના ભીતર પ્રકાશના અસીમ અજવાસથી શમજો.)

**—તંત્રીલેખ**

'જે સમાજમાં રહો એના શીલ, આચરણ, સભ્યતા સ્વીકારી લો જેથી તમારી ઊર્જા વ્યર્થ સંઘર્ષમાં વપરાઈ ન જાય અને તમે પૂરા અંતર્મુખી થઈ શકો. સંઘર્ષ બહિર્મુખતા છે, સાધના અંતર્મુખી છે.'

# ॥ શ્રી યોગેશ્વરજીનું મૃત્યુવિષયક ચિંતન ॥

સ્વજનોના મૃત્યુના વિચારથી અર્જુનના પગ ઢીલા થઈ ગયા હતા એટલે ભગવાને અર્જુનના મનમાંથી મૃત્યુનો ભય દૂર કરી દેવાનો પ્રયાસ પોતાના ઉપદેશ દ્વારા શરૂ કર્યો. મૃત્યુનો ભય કોને નથી ? સંસારમાં તે ભય સર્વત્ર વ્યાપેલો દેખાય છે. મૃત્યુની કલ્પના પણ માણસને કંપાવી દે છે. સંસારને છોડીને જવાનું તેમને કડવું લાગે છે. મરણપથારીએ પડેલો માણસ સંસારને યાદ કરીને રડે છે. વિદાય લેવાનો વખત આવે છે ત્યારે તેની નજર સામે સંસારનાં માયાવી રૂપો હાજરો થાય છે, તેની મતિ મુંઝાય છે, નસો ખેંચાય છે, ને તેનો પ્રાણ કેમે કરીને શરીરમાં થયેલી મમતાનો ત્યાગ કરવા માટે તૈયાર થતો નથી. એક માણસ પાસે પુષ્કળ ધન હતું. તેને અચાનક કોઈ રોગ થયો ને તે બીમાર પડ્યો. તેના એક મિત્રે તેની મુલાકાત લીધી તો તેની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. મિત્રે તેનું કારણ પૂછ્યું તો, તેણે પોતાનું દર્દ ઠાલવીને કહેવા માંડ્યું કે, 'શું મારે પણ મરવું પડશે ? આ બધું એકઠું કરેલું ધન મૂકી દઈને શું મારે પણ આ સંસારમાંથી વિદાય થવું પડશે ?' મિત્રે કહ્યું કે, 'એમાં શંકા કરવાનું કારણ જ ક્યાં છે ? જે જન્મ્યું તે મરવાનું જ છે. મૃત્યુ સૌને માટે નક્કી છે. આ સંસારના પ્રવાસે આવીને જે જીવ જીવનની અવનવી ગાડીમાં બેસી ગયો, તે જન્મ-મરણની રિટર્ન ટિકિટ લઈને જ આવે છે.' પણ પેલા માણસની ચિંતા તો વધતી જ ગઈ. મૃત્યુનો વિચાર કરીને તે રડી ઊઠતો. તેની ઊંઘ ઊડી ગઈ, શાંતિ જતી



રહી, ને તેના મુખની કાંતિ પણ ઊડી ગઈ. તેનું મૃત્યુ તો નક્કી વખતે થવાનું હતું તે વખતે થઈ જ ગયું. પણ તે પહેલાંનો બધો જ વખત તેણે ચિંતા ને વેદનામાં પસાર કર્યો. સ્વાભાવિક રીતે મરતાં પહેલાં જ તેનું જીવન મરણની આવૃત્તિ જેવું બની ગયું.

સંસારમાં આવા પ્રસંગ વારંવાર બન્યા કરે છે. તેનું કારણ મૃત્યુનો ખોટો ભય છે. માણસે મૃત્યુનો ભય દૂર કરવાની જરૂર છે એમ ગીતા શિક્ષા આપે છે. મૃત્યુનો ભય દૂર કરવા તેણે શું કરવું ? સૌથી પહેલાં તો તેણે સમજી લેવું કે જન્મ ને મૃત્યુ સ્વાભાવિક છે, એક સિક્કાનાં બે પાસાં જેવાં છે. તાપની સાથે છાયા રહે છે જ, ને દિવસની પાછળ રાત પણ લાગેલી છે. તે પ્રમાણે જન્મ ને મૃત્યુ એકમેક સાથે વળગેલાં જ છે. મરણ એક સ્વાભાવિક ને ટાળી ના ટળે તેવી ને ઘટ સાથે જડેલી વસ્તુ જ છે, તો તેનાથી ડરવાની જરૂર શી છે ? તેને ભેટવા માણસે સદાય તૈયાર ને પ્રસન્નપણે તૈયાર શા માટે ના રહેવું ? તેનાથી ડરવામાં કાયરતા રહેલી છે.

### મૃત્યુનો લાભ-નવજીવનની પ્રાપ્તિ

ને મૃત્યુથી ડરવાનું કારણ પણ શું છે ! સમસ્ત સંસાર એક ઈશ્વરની જ રચના છે. ઈશ્વરની યોજના પ્રમાણે જ તે ચાલે છે, ને તે યોજના પણ મંગળ છે. માણસ સિંહ ને વાઘ તથા વીંછી ને સાપથી ડરે છે, ને શત્રુથી બીએ છે. તે એમ માને છે કે તેનું જીવન એ બધા જીવોની સામે સલામત નથી. એ બધા જીવો તેને માટે નુકશાનકારક છે એમ સમજીને જ તે ડરે છે. મૃત્યુના ડરનું કારણ પણ એ છે કે માણસ મૃત્યુના સાચા સ્વરૂપને સમજતો

નથી, ને મૃત્યુને અમંગળ તથા હાનિકારક માને છે, આ માન્યતા ખોટી છે. માણસ જો સારી પેઠે વિચાર કરે તો તેને જણાશે કે મૃત્યુ તેને માટે અમંગળ નથી, પણ આશીર્વાદરૂપ છે. ગીતા માતાનું કહેવું છે કે, માણસ જેમ જૂનું કપડું ઉતારીને નવું કપડું પહેરે છે, તેમ જૂનું શરીર છોડીને બીજું નવું શરીર ધારણ કરે છે. આ જૂનું શરીર છોડવાની ક્રિયાનું નામ મૃત્યુ છે, તેની જરૂર માણસને માટે કેટલી બધી ભારે પડે છે ? શરીર મોટું થાય છે તેમ તેમ ઘસાતું જાય છે. તેની શક્તિનો ક્ષય થતો જાય છે, તેવા શરીરને બદલીને નવા ને વધારે સારા શરીરને ધારણ કરવાનો લાભ આપીને ઈશ્વર માણસ ઉપર ઘણો મોટો ઉપકાર કરે છે. સંસારમાં જો મૃત્યુની વ્યવસ્થા ના હોત તો શું થાત તેનો વિચાર તો કરો. દરેક જીવને ગમે કે ના ગમે છતાં પોતાને જન્મથી વારસામાં મળેલા એક જ જાતના વાતાવરણમાં કાયમને માટે રહેવું પડત. મૃત્યુ દ્વારા તેને નવા વાતાવરણમાં ફેરબદલી કરવાનો લાભ મળે છે, ને નવા વાતાવરણમાં તે નવેસરથી પોતાનો સંસાર શરૂ કરી શકે છે. સંસારમાં કેટલાય જીવો જીવનભર દુઃખી દેખાય છે. કેટલાક જીવો બીજાના અહિત કે અમંગળને માટે જ જીવતા હોય તેવું લાગે છે. એવા જીવોના જીવન પર મૃત્યુનો પડદો પાથરીને ઈશ્વર તેમનું ને બીજાનું કલ્યાણ જ કરે છે. મૃત્યુ આવી રીતે મંગલકારક છે. માણસે ગમે કે ના ગમે, છતાં જન્મ ને મરણના ચક્રમાં તેણે ફરવાનું જ છે. જન્મ ને મરણના ચક્રમાં ફેરવનાર જે કર્મો છે તેના બંધનમાંથી તે મુક્તિ ના મેળવે, અથવા તો જન્મ ને મરણના નિયંતા ને



સૃષ્ટિના સ્વામી પરમાત્માની સાથે તે સંબંધ ના કરે, ત્યાં સુધી આ ચક્રમાંથી છૂટવાનું તેને માટે મુશ્કેલ છે. એટલે જન્મ ને મરણમાંથી છૂટવા માટે માણસે ઈશ્વરનું શરણ લેવું જોઈએ.

**મૃત્યુને જીતી શકાય છે**

મૃત્યુને જીતી ના શકાય એમ માનવું ભૂલભરેલું છે. ઈશ્વરની કૃપાથી માણસ મૃત્યુંજય બની શકે છે ને શરીરને ઇચ્છા પ્રમાણે રાખી ઇચ્છા પ્રમાણે છોડી શકે છે. ભારતના પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ આ માટેની સાધના તૈયાર કરી છે. મૃત્યુને જીતવા માટે ભારતમાં યોગના મહાન પ્રયોગો કરવામાં આવ્યા છે ને તે પ્રયોગો સફળ થયા છે. મરણ સૌને માથે ભમ્યા કરે છે, ને માણસ મૃત્યુનો ગુલામ છે, એ વાતોનું તે પ્રયોગોએ ખંડન કર્યું છે. માણસ પોતાની નબળાઈને લીધે મૃત્યુનો દાસ ને પ્રકૃતિનો ગુલામ છે ને જો તે ધારે ને શક્તિનો વિકાસ કરે, તો મૃત્યુ ને પ્રકૃતિનો સ્વામી બની શકે છે. એ મહાન ને અનુભવસિદ્ધ વિચારનો વારસો ભારતના મહાન યોગીઓ સમસ્ત માનવજાતિને માટે મૂકતા ગયા છે. ચાંગદેવે કાળ પર કાબૂ કરવાની કળા હસ્તગત કરી લઈને ૧૪૦૦ વરસનું આયુષ્ય સાધ્ય કર્યું હતું. ને જ્ઞાનેશ્વર પાસેથી શાંતિ મેળવી હતી. વ્યાસ ને નારદ તથા હનુમાનેય અમર ગણાય છે, ને સાધકોને આજે પણ દર્શન આપે છે. સંત જ્ઞાનેશ્વરે જીવતાં સમાધિ લીધી તે પછી લગભગ ૩૦૦ વરસે મહાત્મા એકનાથને પોતાના સમાધિસ્થાન આલંદીમાં આવવાની પ્રેરણા કરીને પોતાનું દર્શન આપ્યું હતું. ભારતના યોગી પુરુષો પોતાના જ મૃત્યુ પર નહિ,

પણ બીજાના મૃત્યુ પર પણ કાબૂ ધરાવતા હતા. જન્મ ને મરણ પર તેમનું સંપૂર્ણ સ્વામિત્વ હતું. આત્મા તો અમર છે જ પણ શરીરની અમરતાના પ્રયોગ પણ તેમણે કર્યા હતા. માણસ મૃત્યુનો જય કરીને વરસો સુધી જીવી શકે. પણ એટલાં બધાં વરસો પછી પણ તેને શરીરત્યાગ તો કરવો જ પડેને ? કેટલાક માણસો એવો પ્રશ્ન પૂછી ઊઠશે. તેમણે યાદ રાખવું જોઈએ કે મૃત્યુવિજય કરી ચૂકેલા પુરુષો ઇચ્છાનુસાર શરીર ધારણ કરીને છોડી શકે છે, ને શરીરમાં ઇચ્છાનુસાર રહી શકે છે. તે પ્રમાણે રહેવાથી લાભ છે કે કેમ તે જુદી વાત છે. પણ માનવના પુરુષાર્થસિદ્ધિના ઇતિહાસમાં મૃત્યુના વિજયનું સ્થાન મહત્ત્વનું છે.

**મૃત્યુના ભયમાંથી મુક્તિ મેળવો**

સાધારણ માણસો આવો વિજય ના કરી શકે, તેમને તેવા વિજયની જરૂર ના હોય. તેમને માટે તો ગીતા એક સુંદર માર્ગ બતાવી દે છે. ગીતા કહે છે કે, મૃત્યુ સ્વાભાવિક ને અવશ્યંભાવિ છે; માટે તેનો શોક નકામો છે. આટલી સિદ્ધિ માણસ મેળવી શકે, તો પણ ઘણું. તે મૃત્યુથી ડરે નહિ, મૃત્યુનો શોક ના કરે ને સમય આવે ત્યારે જરાય કષ્ટ કે વિષાદ વગર, હસતાં હસતાં શરીર છોડી શકે, તો પણ તેને માટે ઘણું છે. મૃત્યુનો સમય આવે છે તે પહેલેથી જ રોક્કળ કરી મૂકે છે ને શોકમાં ડૂબી જાય છે. લાંબા વખતથી જે શરીરને પોતાનું સમજીને પ્રીતિપાત્ર બનાવી દીધું છે, તેને છોડવાનો વખત આવતાં તે ગભરાઈ જાય છે, ને અનેક પ્રકારના તર્કવિતર્ક કરવા માંડે છે, છતાં મૃત્યુ આગળ તેમનું કાંઈ ચાલતું તો નથી



જ, મૃત્યુની જાળમાં તો તેમને જકડાવું જ પડે છે.

મરણ વખતે આવી કફોડી દશા ના થાય, ને મરણનો ભય સદાને માટે દૂર થાય, તે માટે માણસે તૈયારી કરી લેવાની જરૂર છે. મરણ કોઈયે કાળે ને સ્થળે ઉત્સવરૂપ બની જાય તેવી તૈયારી કરવાની જરૂર છે. જીવનમાં ઉત્તમ કર્મો કરતા રહેવાની જરૂર છે. જે જીવનનો ઉત્સવરૂપ કરી શકશે, તેને માટે મૃત્યુ પણ મહોત્સવ જેવું બની જશે, એમાં સંદેહ નથી. મૃત્યુનો અનુભવ માણસને રોજિંદા જીવનમાં થઈ શકે છે. આપણે નિદ્રાધીન બનીએ છીએ તે દરમિયાન શરીરને સંસારનું ભાન જતું રહે છે. એ નાનું મૃત્યુ છે. બહારગામ કે દૂર દેશાવરના પ્રવાસે ઉપડેલો માણસ પોતાના સ્નેહીસંબંધીથી દૂર જતો રહે છે. કેટલાય જુદા જુદા દેશોમાં તે પ્રવાસ કરે છે. મુંબઈનો માણસ દિલ્હી કે કલકત્તા જાય એટલે તે પોતાના ઘર ને કુટુંબથી વિખૂટો પડે છે. આ પણ એક પ્રકારનું મૃત્યુ જ છે, પણ જીવતું મૃત્યુ છે. આ દશામાં માણસ દૂરના દેશમાં બેસીને પણ પોતાનાં સ્વજનોના સમચાર મેળવી શકે છે, ને ઇચ્છા પ્રમાણે તેમને મળવા પણ જઈ શકે છે. ખરેખરા મૃત્યુમાં આ માટે અવકાશ નથી રહેતો. મરણ પામેલા માણસના સમાચાર તેનાં સ્વજનોને નથી મળતા, મરણ પામેલા માણસને પણ પોતાના ખબરઅંતર પહોંચાડવાનું તેના સ્વજનો માટે અસંભવ બને છે, એટલે રોજિંદા જીવનમાં માણસે મૃત્યુની તાલીમ લેવી જોઈએ.

**—શ્રી યોગેશ્વરજી**

**(ગીતાદર્શન)**

# ॥ મહામારીનો ડર ॥

**પ્રશ્ન :** આ મહામારીથી કેવી રીતે બચાય ?

(૧૯૭૦માં પ્લેગ મહામારીના રૂપમાં વિશ્વભરમાં ફેલાયો ત્યારે અમેરિકામાં કોઈએ રજનીશજીને પૂછેલો પ્રશ્ન)

**ઉત્તર :** આ પ્રશ્ન જ આપ ખોટો પૂછી રહ્યા છે. પ્રશ્ન આવો જોઈએ. મહામારીને કારણે મારા મનમાં મરવાનો જે ડર બેસી ગયો છે. એના સંબંધમાં કંઈક કહો. આ ડરથી કેવી રીતે બચાય ?

કેમકે વાઈરસથી બચવું તો બહુ જ સહેલું છે. પણ એ ડર આપ અને દુનિયામાં ઘણા લોકોની ભીતર બેસી ગયો તો એનાથી બચવું બહુ જ મુશ્કેલ છે. હવે આ મહામારીથી ઓછા, આ ડરથી વધારે મરશે. 'ડર' થી વધારે ખતરનાક આ દુનિયામાં કોઈ વાઈરસ નથી. આ ડરને સમજો. અન્યથા મોતથી પહેલાં જ આપ 'જિંદા લાશ' બની જશો. આ જે 'ભયાવહ માહૌલ' આપ સર્વમાં દેખાઈ રહ્યો છે એને વાઈરસ સાથે કોઈ લેવા દેવા નથી.

આ એક 'સામૂહિક પાગલપન' છે, જે એક અંતરાલ બાદ હંમેશાં ઘટ્યા જ કરે કારણ બદલાયા કરે છે; ક્યારેક સરકારોની પ્રતિસ્પર્ધા, ક્યારેક કાચા તેલની કિંમત પર ! પર બે દેશોની લડાઈ તો ક્યારેક જૈવિક હથિયારોનું પરીક્ષણ ! સમય-સમય પર આવું ગાંડપણ પ્રગટ થયા કરે છે. વ્યક્તિગત પાગલપનની જેમ કોમગત, રાજ્યગત દેશગત અને વૈશ્વિક પાગલપન પણ હોય



છે. આમાં ઘણા બધા લોકો ક્યાં તો હંમેશ માટે વિક્ષિપ્ત થઈ જાય છે કે મરી જાય છે.

આવું પહેલાં પણ હજારો વાર થયું છે ને આગળ થતું રહેશે. અને આપ જોશો કે આવનારાં વર્ષોમાં યુદ્ધ તોપોથી નહિ કિન્તુ જૈવિક હથિયારોથી લડવામાં આવશે.

છતાં હું કહું છું કે દરેક સમસ્યા મૂર્ખને માટે ડર હોય છે જ્યારે જ્ઞાનીને માટે અવસર ! આ મહામારીમાં આપ ઘરે બેસો, પુસ્તકો વાંચો, કસરત કરો, શરીરને કષ્ટ આપો, વ્યાયામ કરો, ફિલ્મો જુઓ, યોગ કરો, વજન ઘટાડો, ચહેરા પર બાળકો જેવી તાજગી લાવો. પોતાના શોખ પૂરા કરો. નહિ તો પુસ્તક લખી નાંખો. આ મહામંદીમાં પૈસા રોકવા વિચારો. આ અવસર છે.

આ ભય-ભીડનું મનોવિજ્ઞાન બધાંની સમજમાં નથી આવતું. ડરમાં રસ લેવાનું બંધ કરી. ટી.વી. પર ખબરો જોવી, અખબાર વાંચવાનું બંધ કરો એવા વિડિયો ન જુઓ જે તમને ભય પમાડે. મહામારી બાબતે વાત કરવાનું બંધ કરો. 'ડર' પણ એક પ્રકારનું 'આત્મસંમોહન' જ છે. એકનો એક વિચાર વારંવાર થોપવાથી શરીરમાં રાસાયણિક પરિવર્તન આવે છે, જે ઝહેરીલું બની જાય છે. મહામારી સિવાય પણ વિશ્વમાં ઘણું બધું છે તે જુઓ. 'ધ્યાન-સાધના' એક 'Protective Aura' છે, એમાં બહારની 'નકારાત્મક ઊર્જા પ્રવેશશે નહિ.' 'હમણાં આખા વિશ્વની ઊર્જા નકારાત્મક બની ચૂકી છે.' એના કાળા-ઘેરા ખાડામાં આપ

ગરકી શકો છો. ધ્યાનની નાવમાં બેસીને જ આપ ઝંઝાવાતથી બચી શકશો. શાસ્ત્ર અધ્યયન કરો, સાધુ સંગત કરો, સાધના કરો, વિદ્વાનોથી શીખો. આહારનું વિશેષ ધ્યાન રાખો. સ્વચ્છ જલ પીઓ.

અંતિમ વાત-ધીરજ રાખો. જલ્દી બધું બદલાઈ જશે. જ્યાં સુધી મોત આવે ન જાય ત્યાં સુધી ડરવાની કોઈ જરૂર નથી અને જે અપરિહાર્ય છે તેનાથી ડરવાનો કોઈ અર્થ પણ નથી.

ડર એક પ્રકારની મૂઢતા છે. અગર કોઈ મહામારીથી અત્યારે નથી પણ મર્યો તો એક ને એક દિન મરવું જ પડશે. અને એ એક દિન કોઈપણ દિન હોઈ શકે છે તેથી વિદ્વાનોની જેમ જીવો, ભીડની જેમ નહિ.

**—શ્રી રજનીશજી**

'કુદરત કા કહર ભી જરૂરી થા સાહેબ વરના હર કોઈ ખુદકો ખુદા સમજ રહા થા ! જો કહતે થે કિ મરને તકકી ફુરસત નહિ હૈ વે આજ મરને કે ડરસે ફુરસતમેં બૈઠે હૈં ! માટીકા સંસાર હૈ ખેલ સકે તો ખેલ બાજી રબકે હાથ હૈ પૂરા વિજ્ઞાન ફેલ ! મશરૂફ થે સારે અપની જિંદગીકી ઉલઝનોમેં જરા સી જમીન ક્યા ખિસકી, જરા પૈર ફિસલાકિ સબકો ઈશ્વર યાદ આ ગયે અપને અપને ! ઐસા ભી વક્ત આયેગા પતા નહિ થા ઈન્સાન ડરેગા ઈન્સાન સે હી પતા નહિ થા !'

**—અનામી**



# ॥ અર્જુનની એકાગ્રતા ॥

એકલવ્યની અસાધારણ ધનુર્વિદ્યા-કારકિર્દીનો એકાએક અકલ્પનીય રીતે અંત આવ્યો અને એ વિદ્યાક્ષેત્રમાં પોતાનો કોઈ પ્રતિસ્પર્ધી ના રહ્યો એટલે અર્જુન ચિંતામુક્ત અને પ્રસન્ન બન્યો. એના જીવનના વ્યોમમાં વ્યાપેલાં ભય તેમજ વિષાદનાં વાદળાં સહેલાઈથી સદાને માટે દૂર થઈ ગયાં.

દ્રોણાચાર્ય પાસેથી વિદ્યાને પ્રાપ્ત કરીને ભીમ અને દુર્યોધન ગદાયુદ્ધમાં નિષ્ણાત નીવડ્યા. અશ્વત્થામા સઘળી વિદ્યાના ગુપ્તજ્ઞાનમાં સર્વોત્તમ ઠર્યો. નકુલ તથા સહદેવ બંને ખડ્ગવિદ્યામાં બીજા બધા શિષ્યો અથવા સહપાઠીઓ કરતાં નિપુણ થયા. યુધિષ્ઠિર રથીઓમાં શ્રેષ્ઠ બન્યા. અર્જુન સઘળી વિદ્યાઓમાં સિદ્ધહસ્ત બની ગયો અને રથીઓના દલપતિઓના દલપતિ તરીકે સમુદ્ર પર્યંતની પૃથ્વીમાં પ્રસિદ્ધિ પામ્યો.

અસ્ત્રવિદ્યાનું અદ્‌ભુત અધ્યયન સૌને સમાન રીતે કરાવવામાં આવતું હોવા છતાં પણ અર્જુન એ વિદ્યાક્ષેત્રે સૌથી આગળ વધી ગયો અને દ્રોણાચાર્યનો વિશેષ કૃપાપાત્ર બન્યો.

સૌથી વધારે સામર્થ્યવાન ભીમ અને સઘળી વિદ્યાઓમાં વિશારદ અર્જુનને માટે કૌરવો કટુતા તથા સહજ વિદ્વેષનો વિપરીત ભાવ રાખવા માંડવા.

દ્રોણાચાર્ય એનાથી સુપરિચિત હતા.

એકવાર એમને એ સૌની વેધશક્તિને જાણવાની ઈચ્છા થવાથી, એમણે કુશળ શિલ્પી પાસે એક કૃત્રિમ પક્ષીને તૈયાર

કરાવ્યું. એને વૃક્ષની ટોચ પર રખાવીને, શસ્ત્રાસ્ત્ર-વિદ્યામાં આગળ વધેલા સઘળા શિષ્યોને એકત્ર કરીને લક્ષ્ય તરીકે ઓળખાવ્યું.

સૌને ધનુષબાણ સાથે એકત્ર થઈ, શરસંધાન કરી, એ પક્ષીને તાકીને ઊભા રહેવા જણાવ્યું.

સૌથી પ્રથમ યુધિષ્ઠિરને પક્ષીને વીંધવા માટે તૈયાર થવાનો આદેશ આપ્યો. એ આદેશને અનુસરીને યુધિષ્ઠિર હાથમાં ધનુષબાણ લઈને ધનુષ પર બાણને ચઢાવીને, વિહંગને વીંધવા માટે તૈયાર થયા. એટલે એમને દ્રોણાચાર્યે પૂછ્યું કે ''વૃક્ષની ઉચ્ચોચ્ચ શાખ પર બેઠેલા પેલા પક્ષીને જુએ છે ?''

''જોઉં છું.'' યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો.

''વૃક્ષને, મને, તથા તારા ભાઈઓને પણ જુએ છે ?''

''હા, વૃક્ષને, તમને તથા મારા ભાઈઓને પણ જોઉં છું.''

યુધિષ્ઠિરના એ શબ્દોને સાંભળીને દ્રોણાચાર્યે એકદમ અપ્રસન્ન બનીને ઠપકો આપતા હોય એમ જણાવ્યું કે ''તારાથી વિહંગને વીંધી શકાશે નહિ. માટે તું એક તરફ હઠી જા.''

દ્રોણાચાર્યની આજ્ઞા પ્રમાણે યુધિષ્ઠિરે એક તરફ હઠીને પ્રેક્ષક તરીકે ઊભા રહેવાનું પસંદ કર્યું.

એ પછી દ્રોણાચાર્યે દુર્યોધનને તથા બીજા કૌરવોને, ભીમ અને બીજા પાંડવોને તેમજ જુદાજુદા દેશોના રાજકુમારોને વારાફરતી એવા જ પ્રશ્ન પૂછી જોયા. સૌએ યુધિષ્ઠિર જેવા જ પ્રત્યુત્તરો પ્રદાન કરવાથી એમને હરીફાઈમાંથી હઠી જવા માટે જણાવ્યું.



સૌએ એમની સૂચનાનો અમલ કર્યો એટલે એમણે અર્જુનને આગળ આવવા માટે કહીને પૂછ્યું કે, ''તું પેલા વૃક્ષને, વિહંગને ને મને જોઈ શકે છે ?''

અર્જુને તરત જ ઉત્તર આપ્યો કે ''હું તમને કે વૃક્ષને નથી જોતો, પરંતુ એકલા પંખીને જ જોઈ રહ્યો છું.''

એના પ્રત્યુત્તરથી પ્રસન્ન બનીને દ્રોણાચાર્યે ફરીવાર પૂછ્યું કે ''તું જો પંખીને જ પેખતો હોય તો એ પંખી કેવું છે તે વર્ણવી શકશે ?''

અર્જુને વિશેષ સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે ''હું પક્ષીના મસ્તકને જ જોઉં છું, ધડને નથી જોતો.''

દ્રોણાચાર્યે અતિશય આનંદમગ્ન બનીને અર્જુનને બાણ મારવાનો આદેશ આપ્યો એટલે અર્જુને બાણ મારીને પંખીના મસ્તકને ધડથી અલગ કર્યું.

એ અદ્‌ભુત અદૃષ્ટપૂર્વ પરાક્રમને પેખીને પ્રસન્નતાના પારાવારમાં ડૂબેલા ભાવવિભોર દ્રોણાચાર્યે અર્જુનને આલિંગીને આશીર્વાદ આપ્યા.

એમને ખાતરી થઈ કે અર્જુન યુદ્ધમેદાનમાં દ્રુપદને હરાવી શકશે.

એ પ્રસંગ એ સમયના અન્ય ધનુર્વિદો કરતાં અર્જુનની ઉત્તમતાને પુરવાર કરે છે. પરંતુ એની સાથેસાથે એક અન્ય અગત્યની હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે કે કોઈપણ કાર્યની કે વસ્તુની સંપૂર્ણ સિદ્ધિને માટે મનની સ્થિરતા અથવા એકાગ્રતા અનિવાર્યરૂપે આવશ્યક હોય છે. એ વસ્તુ સાથે તન્મય થવું ઘટે

છે. ઉપનિષદમાં જણાવ્યું છે કે પ્રણવ ધનુષ છે, આત્માનું બાણ છે, પરબ્રહ્મ પરમાત્માનું પ્રાપ્તવ્ય કે લક્ષ્ય છે. એ લક્ષ્યને, પ્રમાદને પરિત્યાગીને, પરમ પુરુષાર્થી બનીને, એકાગ્રતાપૂર્વક સાવધાન થઈને વીંધવું જોઈએ અને છેવટે આત્માને એની સાથે ઓતપ્રોત કરવો જોઈએ.

**પ્રણવો ધનુઃશરો હ્વાત્મા, બ્રહ્મ તલ્લક્ષમુચ્યતે,**
**અપ્રમત્તેન વેદ્ધવ્યં, શરવત્તન્મયો ભવેત્.**

સાધકોને સારુ એમાં સંદેશ સમાયેલો છે. સાધકની ચિત્તવૃત્તિ અન્ય સઘળા પદાર્થોમાંથી પાછી વળીને પરમાત્મામાં પ્રતિષ્ઠા પામે અને એકાગ્ર બને છે ત્યારે એને પરમાત્માનું રહસ્યજ્ઞાન પ્રાપ્ત થાય છે. પરમાત્માનો સાક્ષાત્કાર સાંપડે છે. એકાગ્રતા કેવી અદ્‌ભુત હોવી જોઈએ એનો ખ્યાલ અર્જુનના એ ઉદાહરણ પરથી આવી શકે છે.

**–શ્રી યોગેશ્વરજી**
**(મહાભારતનાં મોતી)**

દ્રૌપદીને પામવા મત્સ્યવેધ કરવા જતા અર્જુનને શ્રીકૃષ્ણે કહ્યું; 'તું જ્યારે સઘળું સાહસ સ્વસ્થ, શાંત ચિત્તે કરતો હોઈશ્ ત્યારે જળ નિર્મળ રાખવાનું કાર્ય હું કરીશ.'



# ॥ કૃષ્ણ તથા કર્ણ ॥

કૌરવો તથા પાંડવોના વર્તમાન સંબંધો સુધરે, એમની વચ્ચે કુસંપને બદલે સંપ ને દ્વેષને બદલે સ્નેહ થાય, તેમજ તેવી રીતે તેના સુખદ સુપરિણામરૂપે ભાવિ ઘર્ષણ સંગ્રામની શક્યતા ના રહે, તેને માટે શ્રીકૃષ્ણે એક બીજો પ્રાણવાન પ્રયત્ન કરી જોયો. કર્ણને સમજાવવાનો.

કર્ણને સમજાવવાના એ પ્રેમપૂર્ણ પ્રામાણિક પ્રયત્નનું વિહંગાવલોકન કરી લઈએ.

મહાભારતના ઉદ્યોગપર્વના ૧૪૦ થી ૧૪૩મા અધ્યાયોમાં કૃષ્ણના એ પ્રયત્નનું અને કર્ણની પ્રતિક્રિયાનું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે.

એ વર્ણનનું વિવરણ રસપ્રદ અને જ્ઞાનવર્ધક થઈ પડે તેમ છે.

કૃષ્ણને સારી પેઠે ખબર હતી કે દુર્યોધન તથા કર્ણની વચ્ચે ઘનિષ્ઠ મિત્રતા છે. કર્ણ દુર્યોધનના સલાહકારોમાંનો એક હોવાથી દુર્યોધન એની સલાહ પ્રમાણે ચાલે છે એ વાતની પણ એમને માહિતી હતી. એટલે કર્ણને જો યુદ્ધની નિરર્થકતા સંબંધી સફળતાપૂર્વક સમજાવી શકાય તો, કર્ણ દુર્યોધનને યુદ્ધનો વિચાર ના કરવા અને પાંડવો સાથે ન્યાયોચિત વ્યવહાર કરીને, એમને રાજ્યનો જરૂરી ભાગ પાછો સોંપીને સદા માટે સંપન્ન વાતાવરણને ઊભું કરવા માટે તૈયાર કરી શકે. એવી રીતે કૌરવો તથા પાંડવોની વચ્ચેના સર્વસંહારક સામૂહિક સંગ્રામની

સંભાવના ટળી જાય અને એ બંને પરસ્પર સુખશાંતિપૂર્વક રહીને પોતાનું શ્રેય સાધી શકે.

કૃષ્ણની દૃષ્ટિ, ભાવના કે કલ્પના એવી વિશાળ હતી.

એથી પ્રેરાઈને એમને કર્ણને પોતાની રીતે સમજાવવાનો પ્રયત્ન કરી જોયો.

કર્ણને રથમાં બેસાડીને એક દિવસ એ હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યા. હસ્તિનાપુરની બહારના શાંત-એકાંત-પાવન પ્રદેશમાં એમણે કર્ણને સંબોધીને ખૂબ જ સંવેદનસહિત સ્નેહપૂર્વક કહેવા માંડ્યું કે કર્ણ ! રાધાપુત્ર ! તેં વેદમાં પારંગત બ્રાહ્મણોની ઉપાસના કરી છે તથા નિયમપરાયણ રહીને, ઈર્ષારહિત થઈને, તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે પંડિતોને પ્રશ્નો પણ પૂછ્યા છે. તું સનાતન વેદવાદને જાણે છે. તું ધર્મશાસ્ત્રના સૂક્ષ્મ સિદ્ધાંતોથી પણ સુપરિચિત છે. જે કન્યાને લગ્ન પહેલાં પુત્ર થયો હોય અથવા લગ્ન વખતે જે પુત્ર તેના ઉદરમાં હોય, તે બંને પુત્રોને કાનીન કહે છે. એવી કન્યા સાથે લગ્નસંબંધથી જોડાનાર પુરુષ તે પુત્રના પિતા તરીકે ઓળખાય છે. શાસ્ત્રને જાણનારા એ પ્રમાણે કહેતા હોય છે. તું પણ એવી રીતે જ ઉત્પન્ન થયો છે માટે ધર્મથી પાંડુનો પુત્ર છે.

ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે પાંડવોમાં સૌથી મોટો હોવાથી તું એવી રીતે સ્વાભાવિક રીતે જ રાજા બની શકીશ.

પાંડવો તારા પિતૃપક્ષમાં અને યાદવો માતૃપક્ષમાં છે.

એ બંને પક્ષો એવી રીતે તારા છે.

તું આજે અહીંથી મારી સાથે આવશે એટલે પાંડવો તને



યુધિષ્ઠિર કરતાં આગળ જન્મેલા મોટાભાઈ તરીકે માનીને માન આપશે.

પાંચ પાંડવો, દ્રૌપદીના પાંચ પુત્રો તથા સુભદ્રાનંદન અજિત અભિમન્યુ, એ સઘળા તારા ચરણમાં પરમપૂજ્યભાવે પ્રણામ કરશે. વળી પાંડવોને માટે આવેલા રાજાઓ, રાજપુત્રો અને સર્વ અંધક તથા યાદવો પણ તારા ચરણમાં નમન કરશે. રાજાઓ અને રાજકન્યાઓ સોનાના, રૂપાના તેમજ માટીના ઘડાઓમાં તીર્થજળને ભરી લાવશે. તેમાં ઔષધિઓ, સર્વ બીજો, સર્વ રત્નો તથા લતાઓને નાંખશે અને તારો અભિષેક કરશે. વળી દ્રૌપદી વર્ષનો છઠ્ઠો ભાગ એટલે બે માસ તારી સેવામાં રહેશે. સંયમી મનવાળા દ્વિજશ્રેષ્ઠ ધૌમ્ય અગ્નિમાં હોમ કરશે અને આજે જ ચાર વેદ જાણનારા બ્રાહ્મણો તારો અભિષેક કરે એમ હું ઈચ્છું છું.

ધર્માત્મા તથા ઉત્તમ વ્રતવાળા ધર્મપુત્ર યુધિષ્ઠિરરાજ તારા યુવરાજ બનશે. એ કુંતીપુત્ર યુધિષ્ઠિર હાથમાં શ્વેત ચામરને પકડીને તારી પાછળ રથમાં બેસશે ત્યારે અભિષેક પામેલા તારા મસ્તક ઉપર મહાબળવાન કુંતીપુત્ર ભીમસેન મોટા શ્વેતછત્રને ધારણ કરશે. વળી ત્યારે સેંકડો ઘૂઘરીઓના શબ્દવાળા, શ્વેત ઘોડાઓ જોડેલા, તારા રથને અર્જુન હાંકશે. અભિમન્યુ નિત્ય તારી પાસે જ રહેશે. નકુળ, સહદેવ, દ્રૌપદીના પાંચ પુત્રો, પાંચાલો, મહારથી શિખંડી, હું સર્વ અંધકો, યાદવો, સર્વ તારા અનુયાયી થશે.

તું જપ, હોમ તથા અનેક પ્રકારનાં મંગળકાર્યો કરતો

પાંડવભાઈઓની સાથે રાજ્યનો ઉપભોગ કર.

તું નક્ષત્રોથી વીંટાયેલા ચંદ્રમાની પેઠે પાંડવોથી વીંટાઈને રાજ્ય કર અને કુંતીને આનંદ આપ. તારા મિત્રો રાજી બનો, શત્રુઓ વ્યથા પામો અને આજે પાંડવભાઈઓની સાથે તારા બંધુપ્રેમનું અનુસંધાન સધાવ.

શ્રીકૃષ્ણનાં વચનોને સાંભળીને કર્ણે કહ્યું કે તમે મને જે કહ્યું છે તે પ્રેમથી, મિત્રતાથી અને મારા કલ્યાણની ઇચ્છાથી જ કહ્યું છે. ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે અને તમે માનો છો તેમ ધર્મ વડે હું પાંડુનો પુત્ર છું, એ જાણું છું. કુંતીએ કન્યાવસ્થામાં સૂર્યથી મારો જન્મ થયા પછી સૂર્યના વચનથી મને છોડી દીધેલો.

અધિરથ સુત મને જોતાં જ પોતાને ઘેર લઈ ગયો અને સ્નેહપૂર્વક તેણે મને રાધા દાસીને સોંપ્યો.

અધિરથ સુત મને પોતાનો પુત્ર જ ગણે છે અને હું પણ સ્નેહને લીધે તેને પિતા તરીકે જ જાણું છું.

હું યૌવન આવતાં સુતના કુળમાંની કન્યાને પરણી શક્યો છું. જ્યારે મને ક્ષત્રિયોને યોગ્ય સંસ્કાર કરવાનો સમય હતો ત્યારે તે મારો ત્યાગ કર્યો. હવે સંસ્કારનો સમય વીતી ગયા પછી આજે તું પોતાના કાર્યને માટે મને પ્રેરણા કરે છે ! પૂર્વે તેં પ્રથમથી જ માતાની પેઠે મારું હિત કર્યું નહિ અને આજે કેવળ પોતાના હિતને માટે તું મને પુત્ર તરીકે બોલાવે છે. હવે યુદ્ધ સમય સમીપ આવતાં હું ભાઈ તરીકે પ્રકટ થઈને પાંડવોની પાસે જઉં તો ક્ષત્રિયમંડળ મને શું કહેશે ? ધૃતરાષ્ટ્રના પુત્રોએ આજ સુધી મને સર્વ વૈભવો અર્પણ કર્યાં છે અને મારું સારી રીતે



સન્માન કર્યું છે. તે ઉપકારને હું કેવી રીતે નિષ્ફળ કરું ? તેમના મનોરથને હું કેવી રીતે ભાંગી નાખું ?

દુર્યોધનથી આજીવિકા મેળવનારાઓ માટે તેના ઋણમાંથી છૂટવાનો આ સમય છે. એ સમયમાં મારે પણ પ્રાણની દરકાર ના રાખતાં તેનું ઋણ અદા કરવું જ જોઈએ. અસ્થિર ચિત્તવાળા પાપી મનુષ્યો સ્વામીએ તેમને સારી રીતે પોષણ આપીને કૃતાર્થ કર્યા હોય તોપણ સ્વામીનું કાર્ય આવી પડતાં તેના તરફ દૃષ્ટિ રાખતા નથી અને વિરુદ્ધ થઈને બેસે છે. તે નિમકહરામ સ્વામીદ્રોહી તથા પાપીઓને આ લોકમાં સુખ નથી સાંપડતું તથા પરલોક પણ નથી મળતો. હું ધૃતરાષ્ટ્રના પુત્રોને માટે સંપૂર્ણ બુદ્ધિબળ અને શક્તિનો આશ્રય કરીને તારા પુત્રોની સાથે યુદ્ધ કરીશ.

તોપણ તારો ઉદ્યોગ મિથ્યા નહિ થાય એટલું વચન આપું છું. સંગ્રામમાં તારા વધ કરવા યોગ્ય અને હણી શકાય એવા પુત્રોને પણ હું મારીશ નહિ. યુધિષ્ઠિરની સેનામાં એક અર્જુન સિવાય બીજાની સાથે હું યુદ્ધ નહિ કરું. માત્ર અર્જુનની સાથે જ યુદ્ધ કરીશ, કારણ કે સંગ્રામમાં અર્જુનને મારવાથી મારું જીવન સફળ થશે અને અર્જુનને હાથે હું મરીશ તો મને યશ મળશે. આમ તારા પાંચ પુત્રો કાયમ રહેશે. અર્જુન મરશે તો મારી સાથે તારા પાંચ પુત્રો કાયમ રહેશે અને હું મરીશ તો અર્જુન સાથે પાંચ જીવતા રહેશે.

કર્ણનાં એવાં વચનોને સાંભળીને કુંતી કર્ણને આલિંગન આપીને બોલી કે કર્ણ ! તું કહે છે તેમ જ થશે. કૌરવોનો સંહાર

થશે, કારણ કે દૈવ અતિ બળવાન છે. તેં તારા ચાર ભાઈઓને યુદ્ધમાં જતા કરવાનું અભયવચન આપ્યું છે તેનું તું યથાર્થ રીતે પાલન કરજે. તારું આરોગ્ય અખંડ રહો અને કલ્યાણ થાઓ.

કર્ણના કુંતી સાથેના સંવાદ પરથી સમજાય છે કે કર્ણને કુંતીએ પ્રથમથી જ ત્યાગવાને બદલે કે એના આવિર્ભાવને અંધકારમાં રાખવાને બદલે, પાળ્યોપોષ્યો હોત કે પાછળથી પણ સત્ય વાતથી સુપરિચિત કર્યો હોત તો કર્ણનું મન જરૂર બદલાયું હોત. હવે તો કર્ણ પોતાને પોષનારા ને બધી રીતે બળવાન બનવા માટે મદદ કરનારા દુર્યોધનને વળગી રહેવા માગે છે. એના દૃષ્ટિબિંદુને એણે સ્પષ્ટ કર્યું છે. એ છતાં પણ એ એની મહાનતા એણે અર્જુન સિવાયના અન્ય પાંડવો સાથે યુદ્ધ કરવાના અને એમને મારવાના મનોરથનો ત્યાગ કર્યો. એ ત્યાગ કાંઈ નાનોસૂનો ન હતો. કર્ણના વ્યક્તિત્વની એ વિશેષતા હતી : એની ઉદાત્તતા, ઉદારતા તથા વિશાળતા.

**—શ્રી યોગેશ્વરજી**

સર્વસ્વનો ત્યાગ કરી હબીબને જોઈ, એક બાળકે બૂમ પાડી 'ખસી જાવ. હબીબ આવે છે ! આપણા પગની ધૂળ પણ તેમને અડી જશે તો ખુદા આપણું નામ ગુનેગારોમાં સામેલ કરી દેશે.'



# ॥ બાબા નીમકરોલી ॥

કાનપુરના કાર્યક્રમને પૂરો કરીને અમારે વૃંદાવન જવાનું થયું ત્યારે ત્યાં હનુમાન ગલીમાં આવેલા હનુમાન મંદિરની પાછળના ભાગમાં બાબા નીમકરોલીના દર્શનનો લાભ સહેલાઈથી મળી શક્યો. એમની પદ્ધતિ થોડીક વિચિત્ર કે વિલક્ષણ હતી. એવી પદ્ધતિ મેં ત્યાં પહેલીજવાર જોઈ. એ એમના વિશાળ નિવાસસ્થાનની બહારના દરવાજાને અંદરથી તાળુ મારી રાખતા. ત્યાં એક ચોકીદાર રહેતો. એ ચોકીદાર કોઈ મળવા આવે તો એમને પૂછીને એમની અનુમતિથી જ દરવાજો ખોલતો અને એવી રીતે દર્શનાર્થીઓ એમની પાસે પહોંચી શકતા. એવી પદ્ધતિ મેં બીજા કોઈપણ મહાત્માને ત્યાં નહોતી જોઈ.

ચોકીદારે અમારા કહ્યા પ્રમાણે અંદર જઈને સમાચાર આપ્યા એટલે બાબા નીમકરોલીએ અમને અંદર આવવાની અનુમતિ આપી. અંદર ખુલ્લા ચોકવાળી વિશાળ ધર્મશાળા હતી. એમાં એક તરફની ઓસરીમાં એક પાટ પર બાબા નીમકરોલી બેઠેલા. એ મોટી ઉંમરના દેખાતા. એમના મસ્તક તથા મુખ પર વાળ નહોતા. શરીર પર કાળી કંબલ ઓઢેલી. એમનું મુખ ઘઉંવરણું દેખાતું. પ્રથમ દૃષ્ટિએ એમાં કે એમની આંખમાં કાંઈ વિશિષ્ટ આકર્ષણ જેવું નહોતું લાગતું. એ તદ્દન સીધાસાદા જેવા દેખાતા.

અમે એમને પ્રણામ કરીને એમની પાસે બેસી ગયા.

'ઘણા વખતથી તમને મળવાની ઈચ્છા હતી. આજે એ ઈચ્છા પૂરી થઈ. શ્રી મનુકુમાર વ્યાસે બે વરસ પહેલાં તમારી

વાત કરી બતાવેલી. લખનૌના શ્રી સીતારામ જયસવાલે પણ તમારો પરચિય કરાવેલો.'

મારા શબ્દો સાંભળીને એમણે જણાવ્યું : 'મનુકુમાર વ્યાસ તો કમિશ્નર છે. શાના કમિશ્નર છે ? પહેલાં ટ્રાન્સપોર્ટના હતા.'

'એ પહેલાં ટ્રાન્સપોર્ટ વિભાગમાં હતા ખરા પરંતુ અત્યારે કમિશ્નર છે. વિકાસ કમિશ્નર.'

'તમારા મામાના એ છોકરા છે. સંત છે. સારા છે. પવિત્ર દિલના છે.'

એમણે એ બધું કેવી રીતે કહ્યું ? મનુકુમારે એમને મારી ઓળખાણ આપી હોય તો પણ એ વાતને તો બે વરસ જેટલો વખત થઈ ગયો. એ ઓળખાણને એમણે આવી રીતે કેવી રીતે યાદ રાખી ? કે પછી એમની હનુમાનજીની ઉપાસના પરિણામે સાંપડેલી સિદ્ધિથી એમને એ બધી માહિતી મળી શકી ? એ માહિતી હતી ખરેખર આશ્ચર્યકારક.

અમારી સાથેના શ્રી રૂપકિશોર કપુરે એમને મારો પરિચય કરાવ્યો એટલે એ બોલ્યા : 'યોગેશ્વર માતાની સારી રીતે સેવા કરે છે. માતાને સાથે રાખે છે. જગદંબાને માને છે. પ્રવચન સરસ કરે છે. કરો પ્રવચન.'

મેં કહ્યું : 'અહીં શું પ્રવચન ? આ કાંઈ પ્રવચન કરવાનું સ્થાન નથી અને અત્યારે મને પ્રવચન કરવાની ઈચ્છા પણ નથી થતી.'

એમણે એમનો આગ્રહ ચાલુ રાખ્યો પરંતુ એ આગ્રહને માન્ય રાખવાનો કશો અર્થ નહતો.

એમણે રૂપકિશોરને ફરીવાર કહ્યું : 'યોગેશ્વર મહાન સંત છે. ભક્ત છે. ખૂબ જ પવિત્ર છે.' અને મને તથા એમને



જણાવ્યું : 'કોઈવાર કૈચી આવજો. હું પણ મસૂરી આવીશ.'

થોડીક ક્ષણો સુધી વાતાવરણમાં શાંતિ રહી. અમારી સાથેના બીજા ભાઈઓ ધર્મશાળામાં બીજી તરફ ફરવા લાગ્યા ત્યારે મેં એમને સહજ રીતે જ પૂછી જોયું : 'મારે પરદેશ જવાનું સારું છે ?'

'હા.' એમણે તરત જ ઉત્તર આપ્યો : 'ત્યાં પણ ઘણા ભક્તો છે. ત્યાં જવાનું ઘણું સારું છે. ગુજરાતના કોઈક ભક્ત તમને બોલાવશે.'

'ક્યારે જવાનું થશે ?'

'આવતા ઉનાળામાં જશો.'

'માતાજી સાથે કે એકલા ?'

'માતાજી સાથે. માતાજી શુદ્ધિથી રસોઈ બનાવશે. એમને જરૂર લઈ જજો.'

'મારે જવાનું થશે ત્યારે એમને જરૂર લઈ જઈશ.'

થોડી વાર પછી મેં એમનો અભિપ્રાય જાણવાની આકાંક્ષાથી એક અન્ય વિષયનો આરંભ કર્યો : 'પ્રેરણાઓ કેટલીકવાર સાચી ને કેટલીકવાર ખોટી કેમ પડે છે ?'

'મનની વાસના હોય છે તેથી ખોટી પડે છે.'

એમનો એ અભિપ્રાય મને એટલો બધો સંતોષકારક ના લાગ્યો. એ અભિપ્રાય એ વિષયના એક જ અંગની અભિવ્યક્તિ કરનારો હતો એથી. એને સાંભળીને મને વરસો પહેલાં સિહોરના ગૌતમકુંડ પર રહેતા મહાત્મા હનુમાનદાસે આપેલા એવા જ ઉત્તરનું સ્મરણ થયું. બંને સંતોના અભિપ્રાયો એક સરખા લાગ્યા. મેં એ વિશે કશી દલીલ ના કરી. દલીલની

આવશ્યકતા ના લાગી.

એટલામાં ત્યાં બે સંતો આવ્યા. બાબા નીમકરોલીએ એમાંના એકને અનુલક્ષીને જણાવ્યું : 'આ કીર્તન ઘણું સારું કરે છે. કીર્તન કરો.'

એ સંતે કીર્તન કર્યું.

ત્યાંથી વિદાય લેતી વખતે મેં કહ્યું : 'જીવનમાં બીજી કોઈ જ લાલસા નથી. જગદંબાની અધિકાધિક કૃપા થાય એટલી જ ઈચ્છા છે.'

નીમકરોલી બોલ્યા : 'કૃપા થઈ છે, થઈ રહી છે, ને થયા કરશે.'

'હવે અહીં છીએ ત્યાં સુધી અમે રોજ આવીશું.'

'ના. હવે ચોથે દિવસે આવજો.'

'રોજ નહીં.'

'ના.'

'કેમ ?'

'કેમ કે હું અહીં નથી. બહારગામ જવાનો છું.' અને રૂપકિશોર તરફ જોઈને બોલ્યા : 'ચોથે દિવસે સોમવારે લાવજો. નવ વાગે. લગભગ.'

અમે ચાલી નીકળ્યા.

એ દિવસ તારીખ ૨૩-૧૧-૧૯૭૨ ગુરુવારનો હતો. જીવનમાં એ યાદગાર બની ગયો.

બાબા નીમકરોલીનો બીજો મેળાપ તારીખ ૨૭-૧૧-૧૯૭૨ સોમવારે સવારે થયો. તે દિવસે વૃંદાવનથી દિલ્હી તરફ જતી વખતે અમે એમની પૂર્વ સૂચના પ્રમાણે એમની પાસે જઈ



પહોંચ્યા. બાબા નીમકરોલી અમને જણાવ્યા પ્રમાણે બહારગામ નહોતા જઈ શક્યા. શુક્રવારે એક ભાઈ એમને મળેલા અને રવિવારે અમને દિલ્હી લઈ જવા માટે આવેલા કાશીરામ પણ હનુમાનગઢીમાં જઈને એમનું દર્શન કરી આવેલા. કાશીરામને પોતાના અંદરના ઓરડામાં લઈ જઈને એમણે પૂછેલું કે તમને કશી તકલીફ છે ? કાશીરામે જણાવ્યું કે મારી પુત્રીની ચિંતા રહે છે તો એમના મસ્તક પર હાથ મૂકીને એમણે કહ્યું કે એની ચિંતા હવે ના કરતા. એને સારું થઈ રહેશે. કાશીરામને એમના આશીર્વાદથી દેખાતી રીતે જ આનંદ થયેલો.

એ કાશીરામની કારમાં જ હનુમાન ગઢી પહોંચ્યા ત્યારે અંદરનો દરવાજો બંધ હતો. અમે ચોકીદારને દરવાજો ઉઘાડવાની સુચના આપી. એ અંદર જઈને તરત જ પાછો આવીને કહેવા લાગ્યો કે યોગેશ્વરજીને નહીં મળે. પાછા જાય.

એ સાંભળીને રૂપકિશોરને ખૂબ જ ખરાબ લાગ્યું. એમણે કહ્યું; 'અમે એમના કહેવાથીજ આવ્યા છીએ. એમણે એમને સમય આપ્યો છે. યોગેશ્વરજીને આજે અત્યારે એમણે જ બોલાવ્યા છે.'

'ચોકીદાર ફરી અંદર જઈને બાબા નીમકરોલીને પૂછીને આવ્યો ને બોલ્યો : યોગેશ્વરજીને પાછા જવાનું કહે છે.'

'કોણ પાછા જવાનું કહે છે ?'

'બાબા.'

'બાબા આવા કેવા ? એ તો ઠેકાણા વગરના કહેવાય.'

ચોકીદાર લાચાર લાગ્યો. એની લાચારી સમજી શકાઈ. એને તો કેવળ ચિઠ્ઠીના ચાકર થવાનું હતું. એણે જણાવ્યું : 'બાબા અંદર પૂજા માટે જતા રહ્યા છે. એ ક્યારે બહાર આવે એ

વિશે કશું કહેવાય નહીં.'

એ માહિતી એટલી બધી સંતોષકારક ના લાગી.

મારા મનમાં એક વિચાર પેદા થયો. એથી પ્રેરાઈને મેં કહ્યું : 'બાબાને જઈને કહો કે દિલ્હીના કાશીરામ કપુર આવ્યા છે.'

એ શબ્દોએ ધારેલું કામ કરી દીધું. થોડા જ વખત પછી પાછા આવીને ચોકીદારે બારણું ઉઘાડીને કહ્યું : 'દિલ્હીના કપુર અંદર આવે.'

ઉઘાડા બારણામાંથી અમે બધાં અંદર ગયાં ત્યારે ચોકીદારે જણાવ્યું કે એકલા દિલ્હીના કપુરને જ બોલાવ્યા છ માટે એજ અંદર જાય તો મેં કહ્યું કે અમે સૌ કપુરની સાથે જ છીએ. આ મંડળ કપુરનું જ છે.

સામેજ ઓસરીમાં પાટપર કાળો કામળો ઓઢીને બાબા નીમકરોલી બેઠેલા. ગયે વખતે એમણે વાતવાતમાં માતાજીને કહેલું કે તમે કોઈવાર સુખડી બનાવો છો ! એ શબ્દોને યાદ રાખીને માતાજી એમને માટે પ્રેમથી સુખડી બનાવી લાવેલાં. એનું પડીકુ એમણે એમની આગળ ધર્યું એટલે એને જોતાંવેંત જ એ બોલ્યા કે સુખડી લાવ્યાં છો ? લાવો.

શુક્રવારે એમણે માતાજીને હાથે બનાવીને રોટલી તથા શાક મોકલાવવા કહેલુ ને માતાજીએ એ મોકલી આપેલું.

મને એમણે પૂછ્યું : 'તમે નંદગામ જઈ આવ્યા ?'

'ના. નથી જવાયું.' મેં જણાવ્યું.

'ગુજરાત ક્યારે જશો ?'

એકાદ મહિના પછી તમે જાવ છો ?

'કોઈવાર જઉં છું.'



'ક્યાં જાવ છો ?'

'જામનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ, લીંબડી.'

એમણે અમને પ્રસાદ આપ્યો ને જવાનું કહ્યું. અમારી સાથેનાં બીજાં બધાં થોડેક દૂર ગયાં એટલે મેં એમને કહ્યું. 'તમે તો મને આ ઉનાળામાં પરદેશ જવાનું કહ્યું છે.'

'હા. આ ઉનાળામાં તમે પરદેશ જશો. જઈ આવો.'

'મારે પણ જવાનું થશે ?' માતાજીએ પૂછ્યું.

'હા. તમે પણ જશો. ત્યાં સારું રહેશે.'

મેં કહ્યું : 'તો પછી આવતા ઉનાળામાં તમે મસૂરી આવશો ત્યારે અમે ત્યાં નહીં હોઈએ.'

'આવતા ઉનાળામાં મસૂરી નહીં આવું. તે પછીના બીજા ઉનાળામાં આવીશ. તમારે માટે મસૂરી સારું છે. ત્યાં જ રહેજો.'

થોડીવાર પછી એમણે પૂછ્યું : 'કપુર કેવા માણસ છે ?'

'ઘણા જ સારા.'

'શો ધંધો કરે છે ?'

'સૂકા મેવાનો.'

'સારું કમાય છે ?'

'એવું લાગે છે ખરું.'

'સંતોની સેવા કરે છે ?'

'કરે છે.'

એમના એ પ્રશ્નો જરાક અસામાન્ય હતા. કાશીરામે એમને પહેલાં જ પૂછેલું કે હું લેવા આવીશ તો મારે ત્યાં દિલ્હી આવશો ? એમણે એનો ઉત્તર હામાં આપેલો.

બહાર આવીને મેં હસતાં હસતાં કાશીરામને કહ્યું : 'અમને

તો બાબાએ મળવાની નાજ પાડી દીધેલી. તમારે લીધે જ અમને આજે એમના દર્શનનો લાભ મળી શક્યો. તમારા નામની શક્તિ ઘણીજ ભારે કહેવાય. તમને પોતાને પણ કદાચ એની ખબર નહીં હોય.'

કાશીરામ બીજું શું કહે ? એ બોલ્યા : 'ના મહારાજ ! તમારે લીધેજ અમને એમનું દર્શન થઈ શક્યું.'

અમારી મોટર મથુરાની દિશામાં દોડવા માંડી.

ઈશ્વરની કૃપાથી છેલ્લા દોઢેક મહિનામાં અમને બે મહાન, વિભિન્ન પ્રકૃતિના, વિલક્ષણ. વિરક્ત પુરુષોના દર્શનનો લાભ મળ્યો. એક દેવપ્રયાગમાં ને બીજાં વૃંદાવનમાં. બંને પોતાના વિરોધી વ્યક્તિત્વને લીધે અમારા સ્મૃતિપટપર સદા માટે અંકિત થવા માટે સરજાયેલા હતા.

## નીમકરોલીનું નામ

બાબા નીમકરોલીના નામ કરણ પાછળ કશું રહસ્ય છે ખરું ? એમનું નામ બાબા નીમકરોલી કેમ પડ્યું ને ક્યારે પડ્યું એ વિશે કશી માહિતી મળી શકે છે ખરી ? મને એમના પ્રશંસકો કે ભક્તોદ્વારા એના સંબંધી જે કાંઈ જાણવા મળ્યું છે એનો ઉલ્લેખ સંક્ષેપમાં કરી લઉં તો એ અસ્થાને નહીં ગણાય.

વરસો પહેલાં બાબા નીમકરોલી-જ્યારે એમનું નામ નીમકરોલી નહોતું ત્યારે ઉત્તર પ્રદેશમાં ટ્રેન આગળ વધ્યે જતી'તી. અચાનક એમના ડબામાં ટિકિટ ઈન્સપેકટર આવી પહોંચ્યા. એમણે એમની પાસે ટિકિટ માગી. એમની પાસે ટિકિટ હતીજ નહીં પછી એ ટિકિટ કેવી રીતે આપે ? ટિકિટ ઈન્સપેક્ટરે સાધારણ સાધુ સમજીને એમનો સારીપેઠે ઉધડો લીધો અને



એટલાથી અટકવાને બદલે એમને આગલા સ્ટેશને ટ્રેનમાંથી નીચે ઉતારી દીધા. સરળ ને સીધા સ્વભાવના બાબા કોઈપણ પ્રકારના બડબડાટ, વિરોધ કે પ્રતિકાર વિના નીચે ઉતરી પડ્યા.

નીચે ઉતરીને બાબા એન્જિનની આગળ જઈને પાટાની વચ્ચે બેસી ગયા. વખત થયો એટલે ગાર્ડે ટ્રેનને ચાલુ કરવાનો સંકેત કર્યો અને એન્જિનવાળાએ પણ એને માટે તૈયારી કરી તો પણ ટ્રેન ના ચાલી શકી. ટ્રેન બાબાને બેસાડ્યા વગર જાણે કે આગળ વધવાનો ઈન્કાર કરવા લાગી. બાબા પાટાની વચ્ચે શાંતિથી, સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક બેસી રહેલા. એમને ત્યાંથી ઊઠવા માટે સમજાવવાના સઘળા પ્રયત્નો નકામા ગયી. આખરે એમને ગાર્ડ માસ્તરે, એન્જિન ડ્રાઈવર તથા ટિકિટ ઈન્સપેક્ટરે ટ્રેનમાં બેસવા માટે ઉપરાઉપરી પ્રાર્થના કરી. એમની એ પાર વગરની પ્રાર્થનાને લક્ષમાં લઈને બાબા ટ્રેનમાં બેઠા અને એ પછીજ ટ્રેન ઉપડી શકી. જનતાએ બાબાનો અતિશય આદરપૂર્વક જયજયકાર કર્યો.

જે સ્ટેશને એ અભૂતપૂર્વ આશ્ચર્યકારક ઘટના બની હતી તે સ્ટેશનનું નામ નીમકરોલી હોવાથી બાબાનું નામ પણ તે દિવસથી બાબા નીમકરોલી પડી ગયું. એ સારગર્ભિત નામ ત્યારથી માંડીને આજસુધી તો ઉત્તર પ્રદેશમાં ઠેરઠેર પ્રચલિત થઈ ગયું છે. એમના નામનું અને કલ્યાણકારક કાર્યનું પ્રચલન ઉત્તર પ્રદેશમાં ઘણું વધારે છે.

**—શ્રી યોગેશ્વરજી**

**(સંતસૌરભ)**

# ॥ मोक्षमूलं गुरुकृपा ॥

ગુરુને 'મહેશ્વર' કહેવામાં આવ્યા છે. મહેશ એ વિનાશને સૂચવે છે. તેની પાછળનો મર્મ એ છે કે ધોબી જેમ પહેલાં કપડાં પાણીમાં બોળે, એમ ગુરુ શિષ્યમાં ભક્તિ અને સત્સંગનો રંગ લગાડે છે. પછી એ પથ્થર પર કપડાંને પછાડે છે એમ ગુરુ શિષ્ય ઘડતરને માટે ક્યારેક ગુસ્સાનો લાલ રંગ તો ક્યારેક શાંતિનો શ્વેત રંગ પ્રગટ કરે છે અને શિષ્યની ચિત્તવૃત્તિનું રૂપાંતર કરે છે. જેમ ધોબી કપડાંને નીચોવે, તેમ શિષ્યની સઘળી આસક્તિને નિચોવે છે અને ત્યારબાદ જેમ ધોબી કપડાંને સૂર્યના પ્રકાશમાં સૂકવે છે, એ રીતે ગુરુ એને વૈરાગ્યના પ્રકાશમાં સૂકવીને એનામાં આત્મજ્ઞાન, સમતા, નિસ્પૃહતા અને શાસ્ત્રજ્ઞપણું જગાડે છે.

જેવી દશા કપડાંની, એવી દશા શિષ્યની. એ પટકાય, નિચોવાય, એને ઝાપટવામાં આવે એ બધું થાય એ રીતે ગુરુ પહેલાં એના હૃદયમાં દીર્ઘ કાળથી પલાંઠી લગાવીને બેઠેલા અજ્ઞાન, ભ્રમ, રૂઢિ તથા ખ્યાલોને દૂર કરે છે. આજ સુધી એ મૃત્યુના ભયથી કે નરકના ડરથી એ ધર્મ તરફ ગયો હતો. આજ સુધી એ પોતાનાં પાપને છૂપાવીને ધર્મ તરફ ગયો હતો અથવા તો પોતાનાં દુષ્કૃત્યોનાં ભારમાંથી મુક્ત થવા ધર્મ તરફ ગયો હતો. આવી મનમનાં બંધાયેલી માન્યતાઓનો ગુરુ પહેલાં નાશ કરે છે. એનું આગણું ચોખ્ખું કરે છે, કારણ કે તો જ એના હૃદયમાં શુભભાવોનો પ્રવેશ થાય અને પરમનો સ્પર્શ શક્ય બને.

એક જગા ખાલી થાય તો એમાં બીજું મૂકી શકાય, આથી ભક્તના હૃદયમાં આસન જમાવી બેઠેલા ધનલોભ, સત્તામોહ કે



ઇંદ્રિયલોલુપતાને ગુરુ દૂર કરે છે. એને દૂર કરે તો જ ત્યાં કશુંક નવું આવી શકે. વર્ષોથી પાળેલા ભ્રમો પર ગુરુ આઘાત કરે છે. આમ ગુરુ ભ્રમનાશક છે. શિષ્યની વૃત્તિઓએ રચેલા અનેક કિલ્લાઓને એક પછી એક જમીનદોસ્ત કરે છે. જો ભ્રમ લઈને સાધક પરમની પાસે જાય, તો એ પરમાત્માની આસપાસ પોતાની ભ્રમજાળ ગૂંથી દેશે. વૃત્તિઓ લઈને એ પ્રભુ પાસે જશે, તો પ્રભુને કે ધર્મને પોતાની વૃત્તિ બહેકાવવાનું માધ્યમ બનાવી દેશે. એની ભક્તિ અહંકારનું રૂપ ધારણ કરશે અને એના અંતરના અજ્ઞાનનો અંધકાર વધારવાનું નિમિત્ત બનશે. એનું આવું અજ્ઞાન વધતું જશે અને પોતાની મર્યાદાઓ અકબંધ રાખશે. આથી જ કહ્યું છે.

**गुरोरवज्ञया सर्व नश्यते च समुद्भवम्**

"ગુરુની અવહેલના કરવાથી આખો અભ્યુદય નષ્ટ થઈ જાય છે."

એક વ્યક્તિએ પોતાના ગુરુ પાસે પશ્ચાત્તાપ કરતાં કહ્યું, "બસ, મને એક બૂરી આદત છે કે રાત્રે પત્નીને મારી બેસું છું."

ગુરુ આ આદતના ઊંડાણમાં ઊતર્યા અને પૂછ્યું, "આમ પત્નીને મારવાનો અર્થ શો ?"

ત્યારે એણે કહ્યું કે; "એ ચોરીના પૈસે જુગાર રમ્યા બાદ દારૂ પીતા સાનભાવ ગુમાવે છે અને એને પરિણામે ગુસ્સામાં અપશબ્દો બોલતો બોલતો પત્નીને મારી બેસે છે."

આ રીતે વ્યક્તિમાં માત્ર એક જ મર્યાદા, દોષ કે ક્ષતિ હોતાં નથી, હકીકતમાં તો મર્યાદા કે દોષ ક્યારેય એકલાં આવતાં નથી. એની સાથે એની સખીઓ અને પુત્રીઓ હોય છે. વ્યાપારમાં શોષણ કરીને મેળવેલા પૈસાથી ધર્મકાર્ય કરવાનું માનનાર હકીકતમાં તો અધર્મ જ આચરતો હોય છે. વ્યકતિએ

અહંકાર નમાવીને, વાસનાઓ ગાળીને વિનમ્રભાવે ગુરુના દ્વારમાંથી પસાર થઈને પરમ પ્રતિ જવાનું છે, કારણ કે પરમાત્મા સમર્પણ વિના મળતા નથી. આ હરિનો મારગ એવો છે કે જ્યાં માથું મૂકીને ચાલવું પડે છે અને આવું સમર્પણ ગુરુ વિના સધાતું નથી. સંત કબીરે કહ્યું કે 'જે પોતાનું ઘર ભસ્મીભૂત કરવા તૈયાર હોય, એ જ મારી સાથે આવે.'

આ જ 'ગુરુ દેવો મહેશ્વર' છે. આ મહેશ્વર પાસે શિષ્યની બાહ્ય અને આંતર બન્ને દુર્વૃત્તિઓ નાશ કરવાની ક્ષમતા છે. હિંદુ ધર્મગ્રંથોમાં મહાદેવનું પ્રધાન શસ્ત્ર ત્રિશૂળ છે અને એમના ધનુષ્યનું નામ 'પિનાક' છે. આ બંને શસ્ત્રો સૂચવે છે કે મહાદેવની જેમ ગુરુ શિષ્યના નજીકના અને દૂરના એટલે કે બાહ્ય અને આંતરિક બધા દોષો અને દુવૃત્તિઓનો નાશ કરે છે. વળી ગુરુના ધૈર્ય સાથે મહાદેવનું સ્મરણ થાય. સમુદ્રમંથનમાંથી ઉત્પન્ન થયેલા વિષને પીવાને કારણે એમનું નામ નીલકંઠ પડ્યું. શિષ્યની ઘણી મર્યાદાઓને ગુરુ પોતાનામાં સમાવી લે છે. ક્યારેય તો એ મર્યાદાઓ માટે પોતાને સ્વયં કારણભૂત ગણીને આત્મવિશ્લેષણ કરે છે. આ રીતે 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ' બને છે. એનો મર્મ એ કે ગુરુની નિકટ વસવાથી પરબ્રહ્મનો સતત અનુભવ થતો રહે છે. ગુરુની વાણીમાં એ પરબ્રહ્મની વાણીની ઝાંખી મેળવી શકે છે. એના ગાનમાં અધ્યાત્મના આનંદનું સંગીત અનુભવી શકે છે. એના પ્રત્યેક તાલમાં પરબ્રહ્મની લીલાનાં દર્શન થાય છે. આ રીતે જ્યારે ભક્તની આંખથી એ ગુરુને જોશે, ત્યારે એને અસીમમાં બેઠેલા પરમાત્માનાં દર્શન થશે.

**—પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસ**



# ॥ બહુમુખી પ્રતિભા : શ્રી નારાયણ જાની ॥

પુષ્પનો પમરાટ અને ફૂલની ફોરમ જેમ સ્વયં પ્રસારિત હોય છે તેવી જ રીતે બહુમુખી પ્રતિભાઓ તેના વ્યક્તિત્વથી વ્યવહારથી સ્વભાવથી શીલથી પ્રતિભાથી અતિ પ્રેમાળ પ્રતિભાવથી સૌના હૃદય જીતી નથી લેતા પણ કંઈક અંશે ત્યાં સામ્રાજ્ય ધરાવે છે. શ્રી નારાયણ જાની પણ તેમાંના એક ગણાય તેવા છે.

ઈડર તાલુકાના એક નાનકડા ગામમાં જન્મેલા ગામઠીશાળામાં પ્રાથમિક શિક્ષણ લઈ આગળનો વિદ્યાભ્યાસ મુંબઈમાં કર્યો. એ સરસ્વતી દેવીની ઉપાસનાએ મહામૂલો ખજાનો ધરી દીધો. યોગેશ્વરજીની મિત્રતાનો ! જીવનના અંતિમ શ્વાસ સુધી એ મિત્રતા ટકી રહી. એટલું જ નહિ નારાયણભાઈનું એ જીવન એ કેંદ્રની આસપાસ જ રહ્યું ગમે તેવા સંજોગોમાં તે વિક્ષિપ્ત ના થયું એ મિત્રતાએ અને કેટલાક સ્વાભાવિક સંસ્કારોએ જીવનને મધુરતા અને અનેકવિધ પ્રતિભાથી રસી લીધું.

ખૂબ નાજુક આર્થિક પરિસ્થિતિને લઈ શિક્ષણ સ્ટ્રીટ લાઈટ નીચે જ લેવું પડ્યું. પ્રતિસ્પર્ધી સહાધ્યાયીથી પ્રભાવિત થઈ તેમને જીવનનું સુકાન સોંપી દીધું ઝેવિયર્સ કૉલેજમાં પણ તેમને ખૂબ નામના મળેલી ફર્સ્ટ ક્લાસમાં ગ્રેજ્યુએશન કરી માસ્ટર ડીગ્રીની શરૂઆત કરેલી પણ સમય અને સંજોગોએ સાથ ન આપ્યો. ખૂબ નજીવી રકમના અભાવે મેડીકલમાં પણ ન જઈ શકાયું.

પુત્ર તરીકે માતા-પિતા તરફ ખૂબ આદર. મીઠા અને મધુર સ્વભાવ અને વ્યવહારને લીધે તેમણે માતા-પિતાનાં દિલ જીતી લીધાં. દાદાને તેમની વિદ્વતા અને આધ્યાત્મિકતા ખૂબ ગમતાં. મુંબઈ છોડ્યું તે પછી જ્યારે જ્યારે અનુકૂળતા હોય ત્યારે દાદા કાકા પાસે રહેવા આવતા. દાદાની સેવા થઈ શકે તેમના સાન્નિધ્ય સુખ માટે કાકાએ હિંમતનગર બદલી કરાવી જેથી વતનથી નજીક દાદાને બહુ તકલીફ ના પડે. પણ ઈશ્વરે એ મંજૂર ના રાખ્યું એ પહેલાં જ દાદાએ પૃથ્વી પરથી વિદાય લીધી. બાને પણ કાકા ખૂબ પ્રેમ કરે. તેના અંતિમ સમયમાં તેને પાસે રાખી અને તેની પાસે વતનમાં રહી ખૂબ સેવા કરી. બાને એમની એટલી બધી આસક્તિ કે પ્રભુએ કહ્યું હતું "નારાયણભાઈ બાના અંતિમ સમયે હાજર ના રહેતા નહીંતર તેમની આસક્તિ તમારામાં રહી જશે." પ્રભુએ એવી યોજના કરી અધ્યાત્મના કામ માટે કાકા બે દિવસ ભાવનગર ગયા ને બાએ દેહ છોડ્યો. ઉત્તમ આદર્શ પુત્ર તરીકે શ્રેષ્ઠ સેવાઓ બજાવી.

પતિ તરીકે સહુ ઝંખે એવા આદર્શ પતિ સંવેદનશીલ અને લાગણીસભર હૈયાએ તેમના દાંપત્ય જીવનને આદર્શ દામ્પપત્ય જીવન બનાવી દીધું એક માતાવિહોણી દીકરીની મા જેમ સંભાળ રાખી તેના જીવનને પણ સુખ શાંતિમય કરી દીધું ૫૪ વર્ષના લગ્નજીવનમાં કદી પણ અમે બંનેને ઊંચા સાદે બોલતા કદી નથી જોયા કાકા દુન્યવી વ્યવહારિકતામાં ક્યાંક પાછા પડે તો જીજી કાંતો સુધારે નહીંતર ચલાવી લે. સારસબેલડી જેવું તે



આધ્યાત્મિકતા સભર જીવન કોઈને પણ પ્રેરણા પાડે. જીજીની અંતિમ અવસ્થામાં પણ કાકાએ તેમની ખૂબ સેવા કરી. પરસ્પર બંનેએ કદી એકબીજાને ના દુભવ્યા. જો પૂ.'મા' ન હોત તો કાકા એ વિદાય ન જીરવી શક્યા હોત પણ પરિવારની સેવા અને પ્રેમ યોગેશ્વર પરિવારનો પ્રેમ અને 'મા'ના આકાશ જેવા છત્રે ૯૯ વર્ષ છ માસનું આયુષ્ય ધર્યું.

ભાઈ-બહેનો પ્રત્યે પણ તેમને ખૂબ પ્રેમ. તેમના ભાઈ બહેનોને તેમના પ્રત્યે ખૂબ આદર. મોટા કાકા નાના કાકા કે ફોઈ તેમની સલાહ મુજબ ચાલે. કાકાનો ક્રાંતિકારી સ્વભાવ તેમણે કોઈને વૈધવ્ય પછી વાળ ન ઉતરાવવા દીધા. રૂઢિચુસ્ત પિતાને મનાવી સમાજ સામે બેનની માટે અડીખમ દિવાલ થઈ ઊભા રહ્યા. મોટાભાઈને કમળામાંથી કમળી થઈ ગયેલી ત્યારે પોતાની પાસે લાવી બે માસ રાખી નવજીવન અપાવ્યું તો નાના ભાઈને ટી.બીની છેલ્લી અવસ્થામાં પોતાના નાના સસરા પાસે જ માસ જેવો લાંબો સમય રાખી છેલ્લા સ્ટેજમાં ટી.બી. મટાવડાવ્યો. કેવો બંધુપ્રેમ !

પિતા તરીકે જન્મોજન્મ આ જ માતાપિતા મળે એવી પ્રાર્થના થઈ જાય. બાળકોને ખૂબ પ્રેમથી ઉછેર્યા આજકાલ પેરન્ટીંગ ક્લાસ માતાપિતા કરે છે પણ અલ્પશિક્ષિત માતાએ અને પિતાએ શ્રેષ્ઠ પેરન્ટીંગ પૂરું પાડ્યું. બાળકોને પોતાના વર્તન દ્વારા જ સંસ્કારોથી મઢી દીધા. શિક્ષણક્ષેત્રે સહુએ શ્રેષ્ઠ કારકિર્દી બનાવી તેમાં પિતા તરીકેની તેમની શ્રેષ્ઠ સહાય. પોતે જે કંઈ પ્રવૃત્તિ કરે તેમાં હંમેશાં બાળકોને સાથે રાખ્યા. માત્ર એકાંગી

વિકાસ નહિ પણ કલા, સાહિત્ય, સંગીત, પોલીટિક્સ, ક્રિકેટ એ બધામાં જ તેમણે બાળકોનો રસ કેળવ્યો. અને તેમાં વિકાસ સાધવા પ્રોત્સાહિત કર્યા. સાહિત્ય અને લેખનમાં તેમણે સવિશેષ રસ કેળવાવ્યો. જીવનમાં બાળકોની કોઈપણ મુશ્કેલીએ ઢાલ બનીને ઊભા રહ્યા. બાળકોના બાળકોમાં પણ ખૂબ રસ લઈ તેમની પ્રવૃત્તિઓ જાણે તેમાં વિશેષ શું થઈ શકે તે માટે માર્ગદર્શન આપે. કર્મ અને અધ્યાત્મનો શ્રેષ્ઠ સમન્વય શી રીતે સાધી શકાય તે શીખવે. વઢવું કે ભૂલ નિર્દેશ કરવાથી પ્રેમ ઓછો થઈ જાય છે તેવું તે કદી ન માનતા પણ વધારે પડતી કડકાઈ અને શિક્ષાથી બાળકો અને માતાપિતા વચ્ચે એક ખાઈ નિર્માણ થાય છે તેવું જરૂર માનતા. બાળકોના મિત્રોના જીવનમાં પણ ખૂબ રસ લેતા. એટલે જાણ્યે અજાણ્યે કોઈ બાળક ખરાબ સંગતમાં નથી તેનું પરોક્ષ ધ્યાન રાખતા. બાળકોની નાની વાતનું પણ ખૂબ ગૌરવ કરતા. બાળકોને આપેલી આધ્યાત્મિકતા અને નીતિમતા તે તેમના તરફથી મળેલો ઉત્તમ વારસો છે.

શિક્ષક તરીકે વ્યવસાયી જીવનની શરૂઆત કરી ત્યાં પણ તે ખૂબ લોકપ્રિય બની રહ્યા ત્યાર પછી સચિવાલયમાં સેવા આપી ઘણા વર્ષ સુધી દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ગુજરાત જવાનું પત્નીની નાદુરસ્ત તબિયત ને લીધે સ્વીકારી લીધું સચિવાલયમાં બીજા વિશ્વયુદ્ધ સમયે ખાંડ અને લાકડાના લાયસન્સ આપવાના વિભાગમાં કામ કરતા અને પછી માહિતી ખાતું જ્યાં ઉપરની અઢળક કમાણી પણ નીતિવાન અને સત્યના પૂજારી એવા પિતાના સંસ્કારો તેમણે કાયમ જાળવી નિરાંતની ઊંઘ લીધી.



અધિકારી કે ઉપરી તરીકે હાથ નીચેનો માણસો સાથે વ્યવહાર ઉત્તમ રહ્યો. જ્યારે જ્યારે તેમની બદલી થતી ત્યારે સ્ટાફના માણસો ધ્રૂસકે ધ્રૂસકે રડતા. કામ માટે કદી ઘડિયાળ ન જોતા ઘણીવાર રાત્રે બે વાગે જઈ બીજો આખો દિવસ અને રાત સુધી કામ પહોંચતું. માહિતી ખાતું એટલે પત્રકારો સાથે પનારું પણ ખૂબ કુનેહથી કામ લેતા. ઘરની અંદર ક્યારેય ઑફિસનું ટેન્શન ન લાવતા. ૧૯૭૫ની કટોકટી સમયે તેમનો જીવ ગુંગળાતો પણ તે છતાં ફરજને વફાદાર રહેતો. ખોટું તેમાંથી જરા પણ સહન ન થતું. હાથ નીચે કાર્ય કરનાર કર્મચારીઓની પોતાની પહોંચ ના હોવા છતાં ખૂબ આર્થિક મદદ કરતા. મિત્ર તરીકે કાકાને રોલ મૉડેલ કહી શકાય સરળ નિખાલસ આનંદી પ્રેમાળ સ્વભાવને લીધે તેમને મિત્રો સહજ થઈ જતા. મિત્રતાની આદર્શ મિસાલ તે મહાત્મા યોગેશ્વરજીની મિત્રતા સહધ્યાયી મિત્રને ગુરુ અને ઈશ્વર અને જીવનનું સર્વસ્વ બનાવવા માટે ખૂબ નિરાભિમાનપણું જોઈએ અને તે તેમનામાં સહજ હતું એટલે શ્રીમતી તરલાબેનની ભાષામાં એ 'મૈત્રી ઉપનિષદ' બની ગઈ. દરેક ક્ષેત્રના તેમની પાસે મિત્રો હતા તેમણે જીવનભર હંમેશાં મિત્રો પાસે મદદ લીધી તેના કરતાં આપી વધુ. ક્યારેક ઠગાયા પણ ખરા. પણ એ પણ પ્રભુની ઈચ્છા કદી ક્યારેય તે માટે હૃદયમાં કટુતા ના રાખી લગભગ ૭ જગ્યાએ બદલી થઈ પણ તે તે સ્થાનમાં પાછું જવાનું કદીક થાય તો સહુને પ્રેમથી યાદ કરી મળતા. કદી કોઈને ત્યાં ખાલી હાથે ન જવું તે તેમના જીવનનો ઉત્તમ આદર્શ હતો.

નિવૃત્તિ પછી મળેલી અધ્યાત્મની સેવા એમના જીવનનો પર્યાય બની ગઈ. દરરોજ દિવસના ચાર કલાક તે માટે વાંચવું. વાંચકોને ઉત્તમ વાંચન મળી રહે. વાંચકોનો રસ જળવાઈ રહે શુભનો સ્વીકાર અને પ્રસાર ખૂબ સહજતાથી કર્યો. નાના બાળકોની પાસેથી પણ ખૂબ સહજ રીતે શીખતાં તેમને કદી સંકોચ ન થતો. જાણેલી અને શીખેલી વાતને ત્વરિત અમલમાં મૂકતા. ક્યારેક તે વાતો પ્રયોગવીર તરીકે અમલમાં મૂકતા. ક્યારેક તે વાતો પ્રયોગવીર તરીકે જણાઈ આવતી પણ તેને સુધારી લેવાનો પણ તેમનામાં સંકોચ ન હતો.

પુત્રવધૂ કે જમાઈ એમને કદી પરાયા ન હતા. જે પ્રેમ દીકરી દીકરા ને મળ્યો તે બહારથી આવેલાં પાત્રોને પણ મળ્યો તે બહારથી આવેલા પાત્રોને પણ મળ્યો અને તેમનાં માતાપિતા એટલે વેવાઈ-વેવાણને પણ તેમણે ખૂબ આદર અને સન્માન આપ્યા. દિનચર્યા પણ તેમની ખૂબ નિયમિત. ક્યાંય આળસ ન જણાય. સ્વચ્છ સુઘડ અને સુંદર દેખાવું તેમને ખૂબ ગમતું. વસ્ત્રોની પસંદગી અને ઉત્તમ જાળવણી કરતા. માંદગીને બિછાને પણ ઈસ્ત્રીવાળાં વસ્ત્રો પહેરવાનો આગ્રહ રાખતા. ખૂબ સ્વાશ્રયી ૯૭ વર્ષ સુધી સ્વર્ગારોહણમાં હોય તો પોતાના વસ્ત્રો પોતે જ ધોતા. અનિવાર્યતા ન હોય ત્યાં સુધી તેમણે કદી કોઈની સેવા નથી લીધી. અત્તર સ્પ્રે ખૂબ ગમતા.

વ્યાયામ, ધ્યાન, ચાલવું એ સર્વે તેમના જીવનના અવિભાજ્ય અંગ હતા. ગમે તેટલું મોડે સુધી જાગે તો પણ રાત્રે અઢીથી સવારે પાંચ સુધી નિયમિત ધ્યાનમાં બેસતા. ૯૯ વર્ષ



સુધી નિયમિત બે ત્રણ કિ.મી. ચાલતા. વક્તા તરીકે તેઓશ્રી શ્રેષ્ઠ વક્તા હતા. કોઈપણ વિષય પર વાર્તાલાપ આપતા. તે શ્રોતાઓને કલાકો સુધી જકડી રાખતા. તે માત્ર ઉત્તમ વક્તા ન હતા શ્રોતા પણ હતા. વ્યાખ્યાનો ને પ્રવચનો સાંભળવા ખૂબ પરિશ્રમ લઈ દૂર દૂર જતા.

સંવેદનશીલ હૃદયને લઈને કોઈનું દુઃખ જોઈ દ્રવી જતા તેને મનથી તનથી અને ધનથી શ્રેષ્ઠ સેવા આપતા. કોઈના પણ જીવનમાં પ્રભુ પ્રત્યે પ્રેમ પ્રગટાવવો કે તેના જીવનને સહેજ સારું બનાવવું તેમાં તેમની માસ્ટરી હતી. શ્રમ કરનારાઓ પ્રત્યે ખૂબ સદ્ભાવ રાખતા. હંમેશાં પોતાની પાસે થેલીમાં ૨૦-૩૦ બિસ્કીટના પેકેટ રાખી જરૂરિયાતવાળા માણસોને તે આપતા. રીક્ષાવાળાને કે ઘોડાગાડીવાળાને ૩૦ રૂા. થતા હોય તો ૫૦ રૂા. આપે તેનો આનંદ જોઈ ખૂબ પ્રસન્ન થાય. કાગળ વીણતાં ભાઈ બહેનોના જીવનમાં રસ લે અને તે વીણવાથી જેટલા પૈસા મળે એક દિવસમાં તેટલા પૈસા પોતે તેને આપી દે. ગરીબ ભીખારીઓને ચા પીવડાવવાનું તો ખાતું ચાલતું. રસ્તે ઘાસના ચારાના ભારા લઈ જનાર બહેનોને શિયાળામાં શાલ કે ધાબળા આપતા. વતનમાં કોઈપણ માણસ પગરખાં કે અનાજ વિના ના રહે તે માટે તેમના મિત્રને પૈસા મોકલતા. ત્યાંના બાળકોને રમત ગમતનાં સાધનો વસાવી આપતા.

તેમના જીવનનું ઉત્તમ પાસુ એટલે તેમનો શ્રી શ્રી ‘મા’ સાથેનો સંબંધ. પ્રભુની વિદાય પછી ‘મા’નો સહજ સ્વીકાર અને સુગંધિત શરણાગતતા પવિત્ર પ્રેમનું સર્મપણ તે તેમની

જીવાદોરી. પૂ.શ્રી'મા'એ પણ તેમને ખૂબ પ્રેમ કર્યો. તે હંમેશાં કહેતા 'મા' મારા જીવનની નોળવેલ. ક્યાંક તેમના સુધારક હંમેશાં સહાયક અને સતત વહાલ વર્ષવનારી મા એ જીજીની વિદાય પછી તેમનું આધ્યાત્મિક પાસું પણ સાચવ્યું અને વ્યવહારિક સામાજિક પણ ! એ સંબંધને લક્ષકોટિ પ્રણામ.

કાકા ઉત્તમ લેખક અંગ્રેજી ગુજરાતી સંસ્કૃત હિંદી આ બધી જ ભાષા પર તેમનું પ્રભુત્વ. સરળ શૈલી તે તેમના લેખનની આગવી વિશિષ્ટતા. ભાવવાહી પ્રવાહિતા પૂર્ણ શૈલી વાચકને જકડી રાખે. ૯૩ વર્ષે પણ ઈમેલ કરતાં શીખી સહુને સંદેશા મોકલતા. નવી વૈજ્ઞાનિક શોધોમાં રસ લેતા તો પાંચ કલાક ઊભા રહી ક્રિકેટ પણ જોતા. T.V. માં આપકી અદાલત, સારી સીરીયલો અને NEWS તે જોવાનું તેમને ખૂબ ગમતું.

ખૂબ ખૂબ સદ્‌ગુણોથી ભરેલા નિત્ય પ્રભાતે સ્મરણીય મા-પ્રભુની ઉત્તમ સૌગાત ધરનાર સંતસેવાનો વારસો ધરનાર એ માતાપિતાના અમે બાળકો ઋણી છીએ. બે બે સંતાન ગુમાવ્યા છતાં પ્રભુમાં કદી અશ્રદ્ધા ન ધરનાર તે માતાપિતા વંદનીય છે. જગત વૃંદાવન છે જગતપિતાનું દરેક સર્જન માણવા અને જાણવા યોગ્ય છે તેવો આદર્શ ધરનાર હે નારાયણ જાની ! આપનાં ચરણમાં અગણિત પ્રણામ !

**–શ્રી જ્યોત્સ્નાબહેન ત્રિવેદી**

છેવટે સ્વામી રામદાસે શિવાજીને કહ્યું; 'શિવાજી, રાજ્ય મારું પણ મારા પ્રતિનિધિ તરીકે રાજ્ય તમારે સંભાળવાનું છે.'



## ॥ The Uniqueness of Maa's Teachings ॥

Oh Maa! Our love and devotion for you is not due to our intellectual capacity or our grasp. But is only a function of the 'light', that you so abundantly shine upon us.

Oh Maa, at your first gesture to welcome us, we all feel, "We have been recognized. accepted, protected. As if the purpose of our life has been fulfilled."

Maa, you are a philosopher, not a mere pundit but a wise seer. You write on the slate not just from an intellectual understanding but from personal experience. You provide teachings based on the need and capacity of the seeker. Maa, your lesson or teaching is the absolute best. However, you leave it upto us to either put it in practise or neglect it. How exceptional is your Equanimity! This 'non-interference' is your tender love that spreads to every aspect of the seeker's life.

Maa, you are so steady, that nothing can influence you. A state, continually devoid of (mental/emotional) frenzy, is evident in you.

Maa, you do not teach any "isms-opinions-

theories". Instead you inspire the seeker to forge ahead on the path they have selected. Additionally, you diffuse the essence of your love, so abundantly, that a difficult path becomes simple, becomes the easiest.

Maa, you have very tangibly divulged the truth, "When performing our duties or any task, one should function 'as an instrument of the higher power'. We are indebted to the world. We must pay off the debt and liberate ourselves. However, vie must not be attached, in the least, to the task being performed or its end results. This is the attitude we must have while performing any task, while living our life. Our entire being should proclaim, 'The Supreme Energy has carried out this task through me". Such humility is a mark of spiritual understanding." Maa this truth has become the epitome of your life itself.

Maa, you are not merely an ocean of love and compassion, but are also the embodiment of powerful divine energy. We have frequently experienced you making the impossible possible, and making the possible. impossible.

Maa, your maun (silence) has taught us that



noise and commotion are unnecessary. Acclamations of praise are not necessary. the clamor of words is also not imperative. Silence can achieve everything. Love and devotion can very well be expressed peacefully.

Shree Yogeshwarji himself had said, -Maa has not joined the Yogeshwar Parivaar (family), the entire universe is Maa Parivar (family). and all of us have joined that family. During Navratn, the atmosphere here, at Saroj ben's (Maas) home is like that of a place of pilgrimage When Jagadamba-the Divine Mother- herself is present in the physical form, then what is to be asked for?" When he said that, your reaction was, it was and must be Pujya Shree's personal experience. We were to stay together for very few years, that might also be the reason why he Constantly kept revealing that very dear-sacred secret. How does that affect 'Maa'?' -Maa such is your absolute detachment, outright selflessness, and dignity laden abundant humility, which conquers our hearts. At the same time, your words, while implying the silent acceptance of the 'very dear sacred divine secret', elevate you to a lofty throne. And overwhelm our hearts & minds with wonder and praise.

Maa, you are the fragrance of spiritual peace, you are an absolute wonder of the earth.

Maa, you live and breathe liberation. Furthermore, you let everyone be free.

Maa, you are as vast as the sky, as deep as the ocean and as universal as the sun's rays.

Maa, your teachings present the divinity of the soul, cosmic consciousness and the exceptionality of Almighty, all at once.

Maa, setting forth the truth of your self-experience, as if you are saying: To know God, is to become God Himself Knowing Him is being Him, and being Him is knowing Him.'

Maa, eloquent speeches uttered from grand stages fail to have a lasting influence on us. While. every word that glides from your pure sacred pen, even your silence is capable of illuminating our soul. Maa. your virtuous holy silence is way more powerful than the spoken word.

Maa, the sight of your peaceful venerable sell, is forever allusive and speaks volumes.

Maa, you are a medium of divine energy. And despite that, as a mother you very humbly crave for the advancement of each and every



child on God's path.

Oh Maa, all the brilliance of your soul sparkles in your whrte outfit The white is not external, but is only synonymous to your internal self. It has not been draped superficially, but has been manifested from within.

Maa, you have concealed the grandeur of extraordinariness within ordinanness. You do not create a hubbub to publicize your glory Instead, you aim to purify your heart continuously. and pray to steady yourself on your own axis This consistently maintains your equanimity. As a result. absolute harmony is evident in your life.

Maa, the moment you realized the Truth, you started living the Truth from that very moment As a result, just as a flower diffuses fragrance. waters of a river flow ceaselessly. thus serrnons-teachings-preachings-spintuaity effonlessly and constantly manifest in your life. -Flipping through the pages of your life, one experiences. 'This is precisely your message! This Sale ix your teaching!'

–Transleted by Arpita Desai

(Original Article by Tarla Desai)

## ॥ 'સ્વર્ગારોહણ'ની ફૂલવાડીનાં મઘમઘતાં ફૂલો ॥

પરમ પૂજ્યશ્રી 'મા' એક એવા જીવનશિક્ષક છે. જે શીખવવા નહિ, જગાડવા આવે છે. (not to teach but to awaken) એટલે બાળકોને પરિપક્વ ને સ્વતંત્ર બનવામાં તેમજ પ્રેમમાં ફૂલની પેઠે વિકસવામાં સહાય કરે છે.

'સ્વર્ગારોહણ'ની ફૂલવાડીનાં ફૂલો એવાં 'વિવિધ પ્રતિભાવંત, બાળકો' ફૂલની જેમ જ વિકસે છે કે સંપૂર્ણપણે 'આત્મઉઘાડ' સહજ કરી શકે છે; કેમકે તેઓ જીવનનાં-શારીરિક, માનસિક, બૌદ્ધિક તેમજ આધ્યાત્મિક બધાં પાસાંઓને 'સંવાદી એકતા'માં ગૂંથી શકે છે.

જો બધા જ દેશોની યુનિવર્સિટીઓ, કૉલેજો, શાળાઓ 'અખંડ-સંપૂર્ણ માનવ' વિકસે એ માટે પ્રયત્નશીલ રહે તો આ પૃથ્વી પરનાં બધાં બાળકો સહજ વિકસે. આ વિકાસ કોઈ એક અંશમાં નહિ, સમગ્ર અસ્તિત્વમાં થાય. હરિફાઈ, તુલના, નામ-પદનાં વળગણો છૂટી જાય ને પ્રેમ, કરુણા, સર્વના કલ્યાણ માટેની કાળજી, સ્વકેન્દ્રી નહિ પણ સર્વસ્વનો અંશ બની જીવવાની ઝંખના જેવાં મૂલ્યોની સહજ પ્રતિષ્ઠા થાય.

બાળકની શુદ્ર ચેતના વિશ્વની ચેતના સાથે એકરૂપ થતાં 'આત્મા-પરમાત્મા'નું સાયુજ્ય સધાય. ને આમ, 'બાળક પૃથ્વી પાટલે પયગંબર સિદ્ધ થાય.'

આવાં અખૂટ સંભાવનાઓથી સભર એવાં સંવેદનશીલ, જાગૃત, સામાજિક નિસ્બત ધરાવનારાં બાળકો પરમ સદ્‌ગુરુ શ્રી



યોગેશ્વરજી તેમજ પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીની પ્રેરણા, કરુણા તેમજ અખંડ આશીર્વાદની 'અનુપમ સોગાત' છે. એ બાળકોએ પણ અખૂટ પરિશ્રમ ને અમૂલ્ય પ્રેમભાવથી પોતાનાં મૌલિક અભિયાનો સફળ કરી, 'સ્વર્ગારોહણ'નું ગૌરવ વધાર્યું છે.

'અધ્યાત્મ'ના મેના અંકમાં પાંચ પ્રતિભાવંત, નિષ્ઠાવાન, પ્રભુપ્રેમથી છલકાતાં બાળકોની નોંધ લેતાં સમગ્ર અધ્યાત્મપરિવાર આનંદ અનુભવે છે.

'પંચપરમેશ્વર' એવાં બાળકોને હૃદયનાં અભિનંદન ! વંદન !

**(૧) શ્લોકા : ('શ્લોકાની ઉમદા સેવાવૃત્તિ')** 'સ્વર્ગારોહણ'માં યોજાયેલા જયપુર ફૂટ કૅમ્પની વિડીયોમાંથી પ્રેરણા લઈ, શ્લોકા સાત દિવસ જયપુરની સંસ્થા 'ભગવાન મહાવીર વિકલાંગ સેવાસમિતિ'માં (જે વિકલાંગોના કૃત્રિમ પગ અને કૅલિપર્સ બનાવે છે) ત્યાં રોકાઈ, ત્યાંની કાર્યપદ્ધતિ અને સેવાકાર્યનો અભ્યાસ કર્યો. તેનાં ઉપર એક પ્રૉજેક્ટ તૈયાર કર્યો ! વિદેશની શાળામાં ત્રણ વર્ષથી 'બેસ્ટ સ્ટુડન્ટ ઑફ ધ ઈયર'નો ઈલ્કાબ મેળવતી શ્લોકાને તે શાળાના આચાર્યે તેના આ 'ભારત પ્રોજેક્ટ'ને બિરદાવ્યો અને આગામી વર્ષમાં તેની નોંધ લેવાનું વચન આપ્યું. મુ. સુશીલામાસીની પૌત્રી, શ્રી તાપસભાઈ-અમીષાબેનની આ સુપાત્ર દીકરી શ્લોકાને 'અધ્યાત્મપરિવાર'નાં હાર્દિક અભિનંદન !

**(૨) મોક્ષ : ('મોક્ષ દેસાઈનું અન્નક્ષેત્ર')**

ન્યૂજર્સીની મૉન્ટેગોમરી સ્કૂલમાં ૮મા ધોરણમાં અભ્યાસ

કરતા મોક્ષે અમેરિકામાં કૉવિડ-૧૯ની વિષમ પરિસ્થિતિમાં લાખો લોકો ભૂખમરાથી પીડિત છે એવું જાણતાં Feeding America નામક એક રાષ્ટ્રીય સંસ્થાન શોધી કાઢ્યું, એને આર્થિક સહાય કરવા Feeding America ની વૅબસાઈટ પર ફંડ ઊભું કર્યું.

મોક્ષને જ્યારે જાણ થઈ કે સમરસેટ કાઉન્ટી નામન વિસ્તારને કોમ્યુનીટી ગુડ બેન્ક ઑફ ન્યૂજર્સી મદદ કરી રહ્યું છે ત્યારે તેણે પણ Gofundme નામન પેજની વ્યવસ્થા કરી ને પોતાની સ્કૂલ, તેના શિક્ષકો, પ્રિન્સીપાલ, મિત્રો, પરિવારજનો વગેરેને તે પેજની વિગતો મેઈલ કરી, સહાય કરવા અનુરોધ કર્યો.

મોક્ષ પોતાના આ મિશન માટે કહે છે. 'દરેક વ્યક્તિની એક good side હોય છે. દરેક વ્યક્તિ કંઈક સારું કરવાની વૃત્તિ ધરાવે છે; પણ આપણે વસ્તુ માટે વિચારીએ છીએ અથવા ભૂલી જઈ, છોડી દઈએ છીએ. મેં તો કેવળ એક મંચ તૈયાર કર્યો છે, જ્યાં બધા જ પોતાની ભાવનાઓને એક આગવું સ્થાન આપી શકે છે અને એને એક માર્ગ કે ગતિ આપી શકે છે.'

અત્યારે મોક્ષની બંને સંસ્થાઓએ કુલ ૭૮૦૦ ડૉલરની રકમ એકત્રિત કરી છે.

મોક્ષ પોતે જ દરેક વ્યવસ્થાની નોંધ કરે છે ને દરેક દાતાને પોતે જાતે જ 'થેન્ક યુ'ની નોટ લખે છે. મોક્ષ દાતાઓની બહુલતાથી અભિભૂત થઈ ગયો છે.



કોરી ડેલ્ગાડોના શબ્દોમાં પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરતાં મોક્ષ લખે છે : 'બીજાને મદદ કરવાથી આપણામાં જે 'સકારાત્મક ઊર્જા'નું સંક્રમણ થાય છે તેની અનુભૂતિ માત્ર આપણને આવાં કાર્ય કરવા, પ્રેરિત કરે છે અને આ એક સારી આદત બની જાય છે.'

શ્રી દેવાંગભાઈ દેસાઈ-અર્પિતાબેન જોશીના સુપુત્ર મોક્ષને, સમગ્ર અધ્યાત્મ પરિવારના હાર્દિક અભિનંદન ! તેમનું 'starve corona, Feed America' અભિયાનનું અભિવાદન !

(૩) **કાવ્યા અને પૂજ્યા : (બંને બહેનો સર્જનાત્મક પરબડી)** કોરોનાની વૈશ્વિક મહામારી સામે ઝૂઝવા, આત્મસંરક્ષણાર્થે 'માસ્ક' પહેરવા ફરજિયાત કરાયા. ત્યારે કાવ્યા-પૂજ્યા બંનેને આવા માસ્ક તૈયાર કરવાની પ્રેરણા થઈ, તેમણે સુતરાઉ કાપડના તાકામાંથી ઘરે મશીન પર માસ્ક તૈયાર કરવાનું અભિયાન શરૂ કર્યું. તેઓ નોંધે છે તેમ; 'શરૂઆતમાં એક માસ્ક તૈયાર કરતાં ૩૦ મિનિટ લાગી પણ પછી તો ૧૦ જ મિનિટમાં માસ્ક તૈયાર થઈ જતો.'

કાવ્યા-પૂજ્યાનો આ સર્જનાત્મક પ્રૉજેક્ટ ઉમદા લક્ષ્ય સાધતો ભારે નિપુણતા-કૌશલ્ય સાથે પાર પડ્યો. પણ એમાં તેઓ માતાપિતા જિજ્ઞાબેન-પ્રતીકભાઈ બંનેનાં માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન માટેનો કૃતજ્ઞભાવ અનુભવે છે. અને સૌથી વિશેષ તો 'Directed by Prabhu And Audio by Maa' એમ કહી સહજ વિનમ્રતાથી પરમ ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજી

તેમજ પૂજ્ય શ્રી 'મા'ને પ્રણામ કરી, 'ન ઈદમ્ મમ' અહંકારરહિતતાનું ઐશ્વર્ય પ્રગટ કરી, તેમના 'માસ્ક અભિયાન'ને સાચા અર્થમાં 'સર્વમંગલ યજ્ઞ'નું ગૌરવ અર્પી રહે છે. બંને બહેનો અભિનંદન જ નહિ, વંદનને પાત્ર છે.

(૪) **સત્યમ્ : ('તેજસ્વી પુષ્પ')**

'શ્રી શાંતિભાઈ કનેરિયા પરિવારના ગૌરવ' એવા સત્યમે 'પ્રકાશના પંથે' દ્વારા પૂજ્યશ્રી યોગેશ્વરજી પ્રભુના જીવનનું ઉદાહરણ સામે રાખી, પ્રભુ જ્યારે નાના હતા ત્યારે બધું કામ જાતે જ કરતા, મુંબઈમાં હૉસ્ટેલમાં એકલા રહેતા, સારાં-સારાં પુસ્તકોનું વાંચન કરતા, અંધારાથી ડરતા નહિ, શરીરને કસરતથી દૃઢ-મજબૂત રાખતા, સ્વચ્છતા જાળવતા, સત્યપાલનનો આગ્રહ રાખતા, ગૃહપતિની માંદગીમાં પ્રભુને પ્રાર્થના કરતા વગેરે ગુણો પોતાના જેવા નાનાં બાળકોમાં ઊતરે એવી શુભ ભાવનાથી, પિતાશ્રી તેજસ્ભાઈ તેમજ માતુશ્રી સ્તુતિ બેનના બેનના સહયોગથી નાનકડી વિડિયો તૈયાર કરવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. 'પ્રકાશના પંથે'ના અંગ્રેજી અનુવાદ 'steps towards Eternity' પરથી પોતાની સમજણમાં ઊતરેલી પ્રભુના જીવનની રૂપરેખા સ્વમુખે પોતાના લાક્ષણિક આરોહ-અવરોહમાં રજૂ કરી સત્યમે એના અથાગ પરિશ્રમથી આપણાં મન જીતી લીધાં છે. સરળ એનિમેશનની શૈલી પણ સરાહનીય છે. એક મહાગ્રંથને પોતાના એક સ્વપ્ન-એક આદર્શ તરીકે મસ્તકે ધારતા નાનકડા સત્યમ્‌ને હાર્દિક અભિનંદન ! અગણિત શુભેચ્છાઓ.



# ॥ સૌનું મંગલ કરો મહારાજ ॥

ૐ

**સૌની રક્ષા કરો દિનરાત રે,**
**સૌનું મંગલ કરો મહારાજ.**
**સૌના મસ્તકે છત્ર ધરી દો**
**અભયનું વરદાન ધરી દો**
**સર્વ ચિંતાની હોળી પ્રગટાવી જો.......સૌનું૦**
**ધન્વંતરી બની રોગ હઠાવો**
**સૌને હાશનો થાળ ચખાડો**
**હવે કેમ લગાડો વાર રે............સૌનું૦**
**સામ્રાજ્ય શાંતિનું કરી દો**
**સર્વેશ્વરીનો સાદ સુણી લો**
**સૌના બની જાઓ સુખધામ રે..........સૌનું૦**

ૐ

**–'મા' સર્વેશ્વરી**
તા.૨૯/૩/૨૦૨૦